


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 10
Issue : 113
Dt.: 27-02-2026,
Friday
Page:04
Rs.00.50 paisa


### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ઈઝરાયલની સંસદમાં સંબોધન

# 'અમે શાંતિના દૂત, ગાઝા શાંતિ યોજનાને ભારતનું સમર્થન'

## શાંતિનો રસ્તો હંમેશા સરળ નથી હોતો, પરંતુ ભારત શાંતિ લાવવાની આ પ્રક્રિયામાં હંમેશા સાથે છે: ગાઝા શાંતિ પ્રયાસમાં ભારત તમારી સાથે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

લગભગ ૯ વર્ષ બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈઝરાયલની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા છે. તેમના સમકક્ષ બેન્જામિન નેતન્યાહૂએ એરપોર્ટ પર તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. વડાપ્રધાન મોદી ઈઝરાયલી સંસદ, નેસેટને પણ સંબોધિત કરી. વડાપ્રધાન મોદી બુધવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૧૨:૪૫ વાગ્યે તેમની સત્તાવાર મુલાકાતે ઈઝરાયલ પહોંચ્યા હતા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે ઈઝરાયલની સંસદમાં સંબોધન કર્યું હતું. ભાષણની શરૂઆત શાલોમ અને નમસ્તેથી કરી. તેમણે કહ્યું કે, 'આ સંસદમાં હોવું મારા માટે સન્માનની વાત છે. ભારતના વડાપ્રધાન હોવાના નાતે હું ૧૪૦ કરોડ ભારતીયોની મિત્રતાનો સંદેશ લાવ્યો છું. હું ૧૪૦ કરોડ ભારતીયોની શુભકામનાઓ તમારા માટે લાવ્યો છું.'પીએમ મોદીએ કહ્યું કે, 'મને ઈઝરાયલની પહેલી યાત્રા કરનારા ભારતના વડાપ્રધાન બનવાનું સૌભાગ્ય મળ્યું અને હું અહીં ફરી આવ્યો અને વધુ ખુશ છું. મારો જન્મદિવસ એ જ દિવસે હોય છે, જે દિવસે ભારતે ઈઝરાયલને એક દેશ તરીકે માન્યતા આપી.'નેસેટને સંબોધિત કરતા વડાપ્રધાન મોદીએ ૭ ઓક્ટોબરના હુમલાની ટીકા કરી. તેમણે આને ક્રૂર હુમલો ઘણાવતા ભારત તરફથી સંવેદના વ્યક્ત કરી. તેમણે ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાનો ઉલ્લેખ કરતા કહ્યું કે, 'ભારત પણ આતંકવાદનો શિકાર છે. મારી સંવેદનાઓ તે તમામ લોકોના પરિવાર સાથે છે, જેમણે હમાસના હુમલાઓમાં પોતાના જીવ ગુમાવ્યા. ભારત ઈઝરાયલની સાથે ઉભું છે અને આગળ પણ ઉભું રહેશે.'વડાપ્રધાન મોદીએ ઈઝરાયલી સંસદને સંબોધિત કરતા હમાસને આડેહાથ લેતા કહ્યું કે, 'નિર્દોષ નાગરિકોની હત્યા કોઈપણ



સંજોગોમાં સહન નહીં. કોઈપણ કિંમત પર નિર્દોષોની હત્યાને યોગ્ય ન ગણી શકાય. શાંતિનો રસ્તો હંમેશા સરળ નથી હોતો, પરંતુ ભારત શાંતિ લાવવાની આ પ્રક્રિયામાં હંમેશા સાથે છે. ગાઝા શાંતિ પ્રયાસમાં ભારત તમારી સાથે છે.'

પીએમ મોદીએ કહ્યું કે, 'આતંકવાદ પર ભારતનું વલણ હંમેશા સ્પષ્ટ રહ્યું છે. આતંકવાદ પર બેવડું વલણ સહન નહીં. અમારી આતંકવાદ મુદ્દે ઝીરો ટોલરેન્સની નીતિ છે. ભારત ક્ષેત્રિય સ્થિરતા અને શાંતિના પક્ષમાં છે.

ભારત અબ્રહામ અકોર્ડના સમર્થનમાં છે. યહૂદી સમુદાય ભારતમાં કોઈ ડર વગર રહે છે. યહૂદી સમુદાયે ભારતને સમૃદ્ધ બનાવ્યું છે.'પીએમ મોદીએ કહ્યું કે, 'ભારત અને ઈઝરાયલના સંબંધ ૨૦૦૦ વર્ષ જૂના છે.

વર્લ્ડ વોર ૧માં ૪૦૦૦ ભારતીય સૈનિકોએ શહીદી વ્હોરી હતી. હાઈફામાં ભારતીય સૈનિકોએ શહીદી આપી. યહૂદી નરસંહારનો ઈતિહાસ કાળો છે.'ભારત ગાઝા શાંતિ પહેલને મજબૂત સમર્થન આપે છે:

પીએમ મોદીપીએમ મોદીએ કહ્યું, 'યુએન સુરક્ષા પરિષદ દ્વારા સમર્થન પામેલ ગાઝા શાંતિ પહેલ આગળ વધવાનો માર્ગ પ્રદાન કરે છે. ભારતે આ પહેલ માટે પોતાનો મજબૂત ટેકો વ્યક્ત કર્યો છે. અમારું માનવું છે કે તે પેલેસ્ટિનિયન મુદ્દાને સંબોધવા સહિત, પ્રદેશના તમામ લોકો માટે ન્યાયી અને સ્થાયી શાંતિનું વચન ધરાવે છે. અમારા બધા પ્રયાસો શાણપણ, હિંમત અને માનવતા દ્વારા સંચાલિત થાય. શાંતિનો માર્ગ હંમેશા સરળ હોતો નથી, પરંતુ ભારત પ્રદેશમાં સંવાદ, શાંતિ અને સ્થિરતા માટે તમારી અને વિશ્વની સાથે ઉભો છે.'મોદી મારા મિત્રથી વિશેષ મારા ભાઈ: નેતન્યાહૂઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂએ સંસદમાં વડાપ્રધાન મોદીનું સ્વાગત કરતા તેમના ભરપૂર વખાણ કર્યા. નેતન્યાહૂએ કહ્યું કે, 'વડાપ્રધાન મોદી મિત્રથી વિશેષ મારા ભાઈ છે.

---

### ભારત-અમેરિકા ટ્રેડ ડીલ મુદ્દે ખુશખબર !

# પીયૂષ ગોયલ-USના બે મોટા અધિકારી વચ્ચેની બેઠક સફળ

## પીયૂષ ગોયલે દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધારવાની દિશામાં યોજાયેલી બેઠકને એક સકારાત્મક પગલું ગણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ મુદ્દે કેન્દ્રીય વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે ખુશખબરી આપી છે. તેમણે અમેરિકન વાણિજ્ય સચિવ હૉવર્ડ લટનિક અને ભારતમાં અમેરિકન રાજદૂત સર્જિયો ગોર સાથે મુલાકાત કરી છે. ગોયલે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર અમેરિકાના બે મોટા અધિકારીઓ સાથે ગુરુવારે (૨૬ ફેબ્રુઆરી) યોજીયેલી બેઠકો ફોટો શેર કર્યો છે અને કહ્યું કે, બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને લઈને સફળ ચર્ચા થઈ છે.

પીયૂષ ગોયલે દ્વિપક્ષીય આર્થિક સહયોગને વધારવાની દિશામાં યોજાયેલી બેઠકને એક સકારાત્મક પગલું ગણાવ્યું છે. તેમણે એક્સ પર લખ્યું છે કે, 'લટનિક અને સર્જિયો ગોરની મહેમાનગતિ કરી. આ દરમિયાન તેમની સાથે વેપાર અને આર્થિક ભાગીદારીને વધારવા અંગે સફળ ચર્ચા થઈ છે.' ઉલ્લેખનીય છે કે, અમેરિકન સુપ્રીમ કોર્ટે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઝિંકેલા રેસિપ્રોકલ ટેરિફને ગેરકાયદે ગણાવીને રદ કરી દીધો છે, જેના કારણે ટ્રમ્પે ભડકીને વિશ્વ પર ૧૫ ટકા ટેરિફ ઝિંકી દીધો છે. આ ઘટનાક્રમ વચ્ચે ગોયલે આ બેઠકને મહત્ત્વપૂર્ણ અને સફળ ગણાવી છે.

સુપ્રીમ કોર્ટના ચૂકાદા બાદ અમેરિકામાં ટેરિફ મુદ્દે ઘમાસાણ ચાલી રહ્યું છે, વેપાર પરિસ્થિતિઓમાં ફેરફારો થઈ રહ્યા છે, તેમ છતાં ભારત અને અમેરિકા વેપાર સમજૂતી પુરી કરવાની બાબતને પ્રાથમિકતા આપી રહ્યા છે. હાલ બંને દેશો વેપાર સમજૂતીના લીગલ ડ્રાફ્ટની સમીક્ષા કરી રહ્યા છે. ટ્રેડ ડીલ અંગેની ચર્ચાઓમાં રોકાણ કરવા માટે નવા સેક્ટરોની ઓળખથી લઈને વર્તમાન સમસ્યાઓ ઘટાડવા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા વર્ષે બીજા કાર્યકાળમાં સત્તા સંભાળ્યા પછી નેશનલ ઈમર્જન્સી પાવર ઍક્ટ હેઠળ દુનિયાના લગભગ બધા દેશો પર 'રેસિપ્રોકલ' ટૅરિફનું શસ્ત્ર ઉગામીને આખા વિશ્વને હચમચાવી નાંખ્યું હતું. પરંતુ હવે એક વર્ષ પછી અમેરિકાની સુપ્રીમ કોર્ટે શુક્રવારે (૨૦ ફેબ્રુઆરી) આદેશ આપ્યો છે કે, અમેરિકન બંધારણમાં ટૅરિફ નાંખવાનો અધિકાર માત્ર સંસદને અપાયેલો છે. પ્રમુખ ટ્રમ્પને ટૅરિફ નાંખવાનો કોઈ કાયદાકીય અધિકાર જ નથી. આથી, ટ્રમ્પે દુનિયાના દેશો પર નાંખેલા રેસિપ્રોકલ સહિતના ટૅરિફ ગેરકાયદે છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૬-૩ની બહુમતીથી આ ચૂકાદો આપતા ટ્રમ્પની આક્રમક વિદેશ અને વેપાર નીતિને મોટો ફટકો પહોંચાડયો છે.

જોકે, ટ્રમ્પે ટૅરિફ મારફત દુનિયાભરમાંથી ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૩૩ અબજ ડૉલર અમેરિકાના ખજાનામાં ઠાલવ્યા છે. આ રકમ કંપનીઓને રિફંડ કરવા મુદ્દે સુપ્રીમ કોર્ટે કોઈ ફોડ પાડયો નથી. બીજીબાજુ અમેરિકાના નાના ઉદ્યોગોએ ઝડપથી રિફંડ મળવાની આશા વ્યક્ત કરી છે. આ ચુકાદાથી અમેરિકાના આયાતકારોને લાભ થયો છે.

---

# આગામી ૧લી એપ્રિલથી દેશભરમાં મિનિમમ ૯૫ RON ધરાવતા E૨૦ પેટ્રોલનું વેચાણ ફરજિયાત

## તેલની આયાત અને પ્રદુષણ ઘટાડવા તથા ખેડૂતોની આવકમાં વધારો કરવા લેવાયેલો નિર્ણય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કેન્દ્ર સરકારે તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં આગામી 1 એપ્રિલ, 2026થી 20 ટકા સુધીના ઈથેનોલ અને ઓછામાં ઓછાં 95 રિસર્ચ ઓક્ટેન નંબર (આરઓએન)વાળા પેટ્રોલનું વેચાણ ફરજિયાત બનાવ્યું છે. ઓઈલ મંત્રાલય દ્વારા 17મી ફેબ્રુઆરીએ જારી કરાયેલાં એક પરિપત્ર અનુસાર, કેન્દ્ર સરકારે ઓઈલ કંપનીઓને તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સના માપદંડ મુજબ ઈથેનોલનું 20 ટકા સુધીનું મિશ્રણ ધરાવતાં તથા ઓછામાં ઓછાં 95 આરઓએનવાળા પેટ્રોલનું વેચાણ કરવા નિર્દેશ કર્યો છે. જોકે, વિશેષ કિસ્સાઓ કે ચોક્કસ પ્રદેશો માટે સરકાર મર્યાદિત સમય માટે આમાં છૂટછાટ આપી શકે છે. ઈથેનોલનું ઉત્પાદન શેરડી, મકાઈ અથવા અનાજમાંથી કરવામાં આવે છે, જે પુનઃપ્રાપ્ય અને સ્થાનિક સ્તરે ઉત્પાદિત ઈંધણ છે. સરકારના આ નિર્ણય પાછળનો મુખ્ય હેતુ તેલની આયાતમાં કાપ મૂકવાનો તથા પ્રદૂષણમાં ઘટાડો કરવાનો છે.

આ ઉપરાંત, શેરડી, મકાઈ અને કૃષિ ઉપજોની માગ વધતાં ખેડૂતોને પણ આર્થિક ટેકો મળશે. ઓટો ઉદ્યોગના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, ભારતમાં 2023-2025 દરમિયાન ઉત્પાદિત મોટાભાગના વાહનો E20 ઈંધણ પર ચાલે તેવી રીતે જ બનાવવામાં આવ્યા છે, તેથી તેમાં કોઈ મોટી સમસ્યા આવવાની શક્યતા નથી. જોકે, જૂના વાહનોની માઈલેજમાં 3થી 7 ટકાનો નજીવો ઘટાડો થવાની તેમજ તેના રબર અને પ્લાસ્ટિકના સ્પેરપાર્ટ્સમાં ઘસારો વધવાની શક્યતા રહે છે. સરકાર દ્વારા ન્યૂનતમ 95 આરઓએનનો આગ્રહ એન્જિનને થતું નુકસાન અટકાવવા માટે રાખવામાં આવ્યો છે. ઓઈલ મંત્રાલયના જણાવ્યાં અનુસાર, 2014-15થી અત્યાર સુધીમાં ભારતે પેટ્રોલના વિકલ્પો થકી રૂ. 1.40 લાખ કરોડની બચત કરી છે.

---

## હાઈકોર્ટે મેકર્સને આપ્યો મોટો ઝટકો: The Kerala Story 2ની રિલીઝ પર રોક લગાવાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

વિવાદાસ્પદ ફિલ્મ "ધ કેરળ સ્ટોરી ૨"ને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે. કેરળ હાઈકોર્ટે ગુરુવાર, ૨૬ ફેબ્રુઆરીના રોજ આ ફિલ્મની રિલીઝ પર રોક લગાવી દીધી છે. જસ્ટિસ બેચુ કુરિયન થોમસે આ મામલે સુનાવણી કરતા આદેશ આપ્યો છે કે, ફિલ્મ તેની નિર્ધારિત તારીખ એટલે કે ૨૭ ફેબ્રુઆરીએ રિલીઝ કરી શકાશે નહીં. કોર્ટે સેન્સર બોર્ડ (CBFC)ની કાર્યપ્રણાલી પર પણ સવાલો ઉઠાવ્યા છે અને અવલોકન કર્યું છે કે સર્ટિફિકેટ આપવામાં નિયમોનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નથી. આ ફિલ્મ વિરુદ્ધ કોર્ટમાં ત્રણ અરજીઓ દાખલ કરવામાં આવી હતી, જેમાં દાવો કરવામાં આવ્યો હતો કે ફિલ્મ કેરળ રાજ્યની છબીને અત્યંત નકારાત્મક રીતે રજૂ કરે છે. અરજીકર્તાઓના મતે, જો આ ફિલ્મ રિલીઝ થશે તો તેનાથી સામાજિક અને સાંપ્રદાયિક વાતાવરણ બગડી શકે છે. બાયોલોજિસ્ટ શ્રીદેવ નંબૂદરી દ્વારા કરવામાં આવેલી અરજી પર કાર્યવાહી કરતા કોર્ટે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય તથા ફિલ્મના પ્રોડ્યુસરને નોટિસ પાઠવી છે. કોર્ટે માન્યું કે અરજદારોની ચિંતાઓ વ્યાજબી હોઈ શકે છે અને હવે આ મામલે આગામી સુનાવણી બે અઠવાડિયા પછી હાથ ધરાશે.

---

# યુએસ સંસદમાં ટ્રમ્પનો ખોંખારો: ઈરાન પાસે પરમાણુ હથિયાર રહેવા દઈશું નહીં

## ૧૦ મહિનામાં ૮ યુદ્ધ રોકાવ્યા હોવાનો દાવો ટ્રમ્પે કર્યો હતો: તેમણે કંબોડિયા-થાઈલેન્ડ અને ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉલ્લેખ કર્યો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકામાં મધ્યસત્ર ચૂંટણી પહેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સ્ટેટ ઓફ ધ યુનિયનને સંબોધન કર્યુ હતું. ટ્રમ્પે આ વક્તવ્ય દરમિયાન ભાવિ નીતિઓ અને રાજનીતિ અંગે વાત કરી હતી. યુએસ સંસદમાં ટ્રમ્પે ખોંખારીને ઈરાનને પાઠ ભણાવવાનું એલાન કર્યું હતું. તેમણે ઈરાન પાસે પરમાણુ હથિયાર નહીં રહેવા દેવાનો હંકાર કર્યો હતો. ૧૦૮ મિનિટના પ્રવચન દરમિયાન તેમણે ઈરાન સરકારને ૩૨ હજાર પ્રદર્શનકારીઓની હત્યા માટે જવાબદાર ઠેરવી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે, ઈરાન સાથેનો વિવાદ ઘર્ષણના બદલે વાતચીતથી ઉકેલવાની તેમની ઈચ્છા છે. જો કે આતંકવાદને પોષનારા દેશ પાસે પરમાણુ હથિયાર હોવા જોઈએ નહીં. શાંતિ સ્થાપવા માટે શક્તિ બતાવવી જરૂરી છે. અમેરિકાના સંરક્ષણ બજેટનો ઉલ્લેખ કરતા ટ્રમ્પે



મોટા પાયે સૈનિકોની ભરતી ચાલી રહી હોવાનું કહ્યું હતું. પોતાની સરકારની સિદ્ધિઓ ગણાવતા ટ્રમ્પે કહ્યુ હતું કે, અમેરિકાની આઝાદીને ૨૫૦ વર્ષ પૂરા થઈ રહ્યા છે અને દુનિયામાં કોઈ દેશ અમેરિકા જેવો નથી. અમેરિકા સતત પોતાને બહેતર બનાવી રહ્યું છે અને અમેરિકાનો સ્વર્ણિમ સમય ચાલી રહ્યો છે. ગેરકાયદે ઘૂસણખોરી પર અંકુશ આવ્યો હોવાનો અને સરહદ પર સ્થિતિ સંપૂર્ણ બદલાઈ હોવાનું ટ્રમ્પે કહ્યુ હતું. ટ્રમ્પના ભાષણનો વિરોધ કરતા ડેમોક્રેટ સાંસદોએ વોકઆઉટ કર્યુ હતું અને તેના જવાબમાં રીપબ્લિકન સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. દેશમાં ગુનાખોરી ઘટી હોવાનો દાવો કરતા ટ્રમ્પે કહ્યુ હતું કે, આખો દેશ બદલાઈ ગયો છે અને અત્યાર સુધી કોઈએ આવું કર્યુ નથી. આજે દેશની સરહદો સુરક્ષિત છે. મોંઘવારી ઘટી રહી છે અને આવક વધી રહી છે. દેશનું અર્થતંત્ર મજબૂત થઈ રહ્યું છે અને શત્રુઓ ગભરાયેલા છે. ટ્રમ્પે ડેમોક્રેટિક પક્ષની આકરી ટીકા કરતા કહ્યુ હતું કે, ટેક્સમાં ઘટાડાથી લોકો પાસે નાણાં આવી રહ્યા છે, પરંતુ જે લોકોએ દેશને હાલત બગાડી છે તેઓ સોંઘવારીનો વિરોધ કરી રહ્યા છે. ૧૦ મહિનામાં ૮ યુદ્ધ રોકાવ્યા હોવાનો દાવો ટ્રમ્પે કર્યો હતો. તેમણે કંબોડિયા-થાઈલેન્ડ અને ભારત-પાકિસ્તાન સંઘર્ષનો ઉલ્લેખ કર્યો હતો. ભારત પાકિસ્તાન વચ્ચે પરમાણુ યુદ્ધ થવાનું જોખમ હતું. પોતે હસ્તક્ષેપ ના કરત તો પાકિસ્તાનના વડાપ્રધાનનું મોત થવાની શક્યતા હતી. પાકિસ્તાનના વડાપ્રધાન શેહબાઝ શરીફે અગાઉ કહ્યુ હતું કે, ટ્રમ્પે ભારત-પાકિસ્તાન વચ્ચે યુદ્ધ ના અટકાવ્યુ હોત તો ૩.૫ કરોડ લોકોના મોત થયા હોત.

---

# બારામતીમાં પોલીસ સ્ટેશનની બહાર રોહિત પવારના ધરણાં

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મહારાષ્ટ્રના દિવંગત ડેપ્યુટી સીએમ અજિત પવારના પ્લેન ક્રેશની તપાસને લઈને ધારાસભ્ય અને અજિત પવારના ભત્રીજા રોહિત પવારે કડક વલણ અપનાવ્યું છે. મુંબઈ પોલીસ દ્વારા ફરિયાદ નોંધવાનો ઈનકાર કર્યા બાદ રોહિત પવાર આજે બારામતી પોલીસ સ્ટેશન પહોંચ્યા અને આ કેસની ગંભીરતાથી તપાસ કરાવવાની માગ સાથે ધરણાં પર બેઠા છે. તેમણે કહ્યું કે, આ દુર્ઘટનાની વહેલી તકે તપાસ પૂરી કરવામાં આવે અને જો કોઈની બેદરકારી અથવા દોષ સામે આવે તો તેમના વિરુદ્ધ તાત્કાલિક FIR નોંધીને તેમને કસ્ટડીમાં લેવા જોઈએ.

રોહિત પવારની સાથે સેંકડો સમર્થકો અને મોટી સંખ્યામાં વકીલો પણ પોલીસ સ્ટેશનની બહાર હાજર રહ્યા. સમર્થકોની મોટી હાજરીને કારણે પોલીસ સ્ટેશન વિસ્તાર સંપૂર્ણપણે રાજકીય ગતિવિધિનું કેન્દ્ર બની ગયો હતો.રોહિત પવારે સ્પષ્ટ કર્યું કે, આ મામલો માત્ર દુર્ઘટનાની તપાસનો નથી, પરંતુ સત્યને સામે લાવવાનો છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે, જ્યાં સુધી તપાસ પારદર્શક અને નિષ્પક્ષ રીતે પૂર્ણ ન થાય અને જવાબદારો સામે કડક કાર્યવાહી ન થાય ત્યાં સુધી હું મારો અવાજ ઉઠાવતો રહીશ.આ મામલાને લઈને બારામતીમાં રાજકીય હલચલ તેજ થઈ ગઈ છે અને સ્થાનિક સ્તર પર જનતા પણ આ તપાસને લઈને ખૂબ ચિંતિત છે.


નવસર્જન સંસ્કૃતિ
ગુજરાતી

JioTV
CHENNAL NO. 3048

TATA PLAY
CHENNAL NO. 2119

Jio Air Fiber
Jio Tv +
Jio Fiber
Daily Hunt
ebaba Tv
Dish Plus
DTH live OTT
Rock TV
Airtel
Amezone Fire
Rocu Tv-US.UK

દેશ-દુનિયાના મહત્વપૂર્ણ સમાચારોની
માહિતી મેળવવા માટે આજે જ
નવસર્જન સંસ્કૃતિ ગુજરાતી ચેનલ નિહાળો

# તંત્રી લેખ......

## લોકશાહીનો પાયો, મતદાનનો અધિકાર

દેશમાં અભૂતપૂર્વ કોર્ટનો નિર્ણય જોવા મળ્યો. સુપ્રીમ કોર્ટે બંગાળમાં મતદાર યાદી સંબંધિત વિવાદિત દાવાઓના ઉકેલ માટે ન્યાયિક અધિકારીઓની મદદ લેવા માટે ઐતિહાસિક આદેશ જારી કર્યો. રાજ્ય સરકાર અને ચૂંટણી પંચ વચ્ચે ચાલી રહેલા મડાગાંઠને ધ્યાનમાં રાખીને સુપ્રીમ કોર્ટે આ નિર્ણય જારી કર્યો. પાછળથી, તેમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે, જો જરૂરી હોય તો, બંગાળમાં મતદાર યાદી સંબંધિત દાવાઓ અને વાંધાઓનો નિર્ણય લેવા માટે ઓડિશા અને ઝારખંડના ન્યાયિક અધિકારીઓને તૈનાત કરી શકાય છે.

આ હસ્તક્ષેપ ફક્ત વહીવટી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટેનો એક ઉપાય નથી, પરંતુ લોકશાહીની ભાવનાને સુરક્ષિત રાખવા માટે એક બંધારણીય પ્રતિબદ્ધતા છે, જે દરેક નાગરિક માટે મતદાન કરવાના મુક્ત અને સુરક્ષિત અધિકાર પર આધારિત છે. જ્યારે મતદાર યાદી જેવા મૂળભૂત દસ્તાવેજની અખંડિતતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવે છે, અને લાખો નાગરિકોની લોકશાહી ઓળખ જોખમમાં હોય છે, ત્યારે આ ન્યાયિક હસ્તક્ષેપ લોકશાહીની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવા માટે એક નિર્ણાયક પ્રયાસ બની જાય છે.

લોકશાહીની સાચી શક્તિ ચૂંટણીઓમાં નથી, પરંતુ તે વિશ્વાસમાં રહેલી છે જેની સાથે નાગરિકો ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લે છે. આ વિશ્વાસ મતદાર યાદીથી શરૂ થાય છે. મતદાર યાદી ફક્ત નામોનો સંગ્રહ નથી, પરંતુ નાગરિકની બંધારણીય ઓળખનો પુરાવો છે. જો કોઈ પાત્ર નાગરિકનું નામ યાદીમાંથી ગાયબ હોય, તો તેઓ મતદાનના તેમના અધિકારથી વંચિત રહે છે, અને જો કોઈ અયોગ્ય વ્યક્તિનો સમાવેશ થાય છે, તો તે ચૂંટણીની નિષ્પક્ષતાને અસર કરે છે. તેથી, મતદાર યાદીની શુદ્ધતા લોકશાહીની કાયદેસરતા માટે મૂળભૂત છે.

લક્ષ્મી ચરણ સેન વિરુદ્ધ એકેએમ હસન (૧૯૮૫) કેસમાં પોતાના ઐતિહાસિક ચુકાદામાં, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે મતદાર યાદીઓની ચોકસાઈ એ ચૂંટણીની કાયદેસરતાનો પાયો છે અને તેને સુનિશ્ચિત કરવી એ લોકશાહી વ્યવસ્થાની આવશ્યક શરત છે. કોર્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે મતદાર યાદીઓમાં ભૂલો ફક્ત વહીવટી ભૂલો નથી પરંતુ લોકશાહીની વિશ્વસનીયતાને અસર કરી શકે છે. બંગાળમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન આશરે ૪.૫ મિલિયન વિવાદિત મતદાતા દાવાઓનું પેન્ડિંગ આ સંવેદનશીલ મુદ્દાની ગંભીરતા પર ભાર મૂકે છે.

ભારતીય બંધારણની કલમ ૩૨૬ દરેક પુખ્ત નાગરિકને મતદાન કરવાનો અધિકાર આપે છે, જે લોકશાહીમાં તેમની સાર્વભૌમત્વની અભિવ્યક્તિ છે. કલમ ૩૨૪ ચૂંટણી પંચને ચૂંટણી પ્રક્રિયા મુક્ત અને ન્યાયી રહે તે સુનિશ્ચિત કરવા માટે ચૂંટણીઓનું સંચાલન, નિર્દેશન અને નિયંત્રણ કરવાની સત્તા આપે છે. જો કે, આ બંધારણીય જોગવાઈઓની સાચી અસરકારકતા ત્યારે જ શક્ય છે જ્યારે મતદાર યાદી સંપૂર્ણપણે સચોટ, અદ્યતન અને વિશ્વસનીય હોય. જો આ પાયો ખામીયુક્ત હોય, તો લોકશાહીનું સમગ્ર માળખું જોખમાય છે. આ સંદર્ભમાં, સુપ્રીમ કોર્ટનો હસ્તક્ષેપ બંધારણના અનુચ્છેદ ૩૨ અને ૧૪૨ હેઠળ તેની બંધારણીય સત્તાઓનો એક મહત્વપૂર્ણ ઉપયોગ છે.

કલમ ૩૨ સુપ્રીમ કોર્ટને નાગરિકોના મૂળભૂત અધિકારોનું રક્ષણ કરવા માટે સીધી હસ્તક્ષેપ કરવાની સત્તા આપે છે, જ્યારે કલમ ૧૪૨ કોર્ટને "સંપૂર્ણ ન્યાય" સુનિશ્ચિત કરવા માટે જરૂરી નિર્દેશો જારી કરવાની સત્તા આપે છે. આ જોગવાઈઓનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે જ્યારે બંધારણીય અધિકારોનું રક્ષણ કરવા માટે અસાધારણ પગલાં લેવાની જરૂર હોય ત્યારે ન્યાયતંત્ર અસરકારક અને નિર્ણાયક ભૂમિકા ભજવી શકે. ન્યાયિક અધિકારીઓને સહાય પૂરી પાડવાનો નિર્ણય આ બંધારણીય જવાબદારીનું અભિવ્યક્તિ છે. આ હસ્તક્ષેપનું એક મહત્વપૂર્ણ પાસું એ છે કે તે મતદાર યાદી સુધારણા પ્રક્રિયાને વહીવટી વિવેકબુદ્ધિથી ઉન્નત કરે છે અને તેને ન્યાયિક વિશ્વસનીયતા આપે છે. ન્યાયિક અધિકારીઓ, તેમની કાનૂની કુશળતાને કારણે, આવા સંવેદનશીલ કાર્ય માટે શ્રેષ્ઠ રીતે યોગ્ય છે.

## ગુજરાતી ભાષાની "ઘોર" ખોદતા પેઈન્ટરો




સદર તસવીરમાં દેશના સન્માનીય વડાપ્રધાને કરેલા GST ઘટાડાથી થયેલી વ્યક્તિગત આરોગ્ય અને જીવનવીમા સસ્તા થતાંની થયેલી બચત અંગે આભાર માનતા હોર્ડીંગ "GST બચત ઉત્સવ" લખીને હોર્ડીંગ બનાવનાર પેઈન્ટરે ગુજરાતી ભાષાના અજ્ઞાનને કારણે "ઉત્સવ" ને બદલે "ઉતસવ" લખીને ગુજરાતી ભાષાનું અપમાન સાથે બુધ્ધિનું દેવાળું ફૂંક્યું હોય એવું લાગી રહ્યું છે. - (તસવીર અને અહેવાલ છગનલાલ મેવાડા)

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનું-મિની વાયદો રૂ.૧.૫૬ લાખ અને ચાંદી વાયદો રૂ.૨.૫૫ લાખના સ્તર સુધી ગબડ્યોઃ ક્રૂડ તેલમાં સેંકડા ઘટ્યા


### કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૩૬૭.૦૮ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૨૯૮૬૮૪.૮૯ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૦૪૬.૩૩ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૩૨૩૦૫૨.૨૧ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૪૩૬૭.૦૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૨૯૮૬૮૪.૮૯ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૭૯૩.૬૬ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૨૦૦૪૬.૩૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૫૩૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૦૮૫૮ અને નીચામાં રૂ.૧૫૯૧૦૬ના સ્તરને સ્પર્શી, રૂ.૧૬૧૧૪૫ના આગલા બંધ સામે રૂ.૧૯૮૩ના ભાવઘટાડા સાથે રૂ.૧૫૯૧૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની માર્ચ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૨૧૦ ઘટી રૂ.૧૨૯૫૭૧ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-પેટલ માર્ચ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૩૬ ઘટી રૂ.૧૬૩૨૪ના ભાવે બોલાયો હતો. સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૮૪૨૭ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૫૮૫૧૦ અને નીચામાં રૂ.૧૫૬૮૭૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૯૪૯ના ભાવઘટાડા સાથે રૂ.૧૫૬૯૬૯ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૦૯૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૬૧૩૦૯ અને નીચામાં રૂ.૧૫૯૭૬૯ના મથાળે અથડાઈ, રૂ.૧૬૧૫૧૭ના આગલા બંધ સામે રૂ.૧૬૬૮ ઘટી રૂ.૧૫૯૮૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૬૪૩૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૬૬૮૦૦ અને નીચામાં રૂ.૨૫૫૧૭૨ના મથાળે અથડાઈ, રૂ.૨૬૮૩૧૬ના આગલા બંધ સામે રૂ.૯૪૪૯ના ભાવઘટાડા સાથે રૂ.૨૫૮૮૬૭ના સ્તરે પહોંચ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની એપ્રિલ વાયદો રૂ.૧૧૬૫૫ ઘટી રૂ.૨૬૯૭૫૦ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો એપ્રિલ વાયદો રૂ.૧૧૫૦૯ ઘટી રૂ.૨૬૯૮૯૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૨૫૩૯.૯૨ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું માર્ચ વાયદો રૂ.૮.૮૫ ઘટી રૂ.૧૨૦૨.૫ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ વાયદો રૂ.૨.૬ ઘટી રૂ.૩૨૫.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ માર્ચ વાયદો રૂ.૧.૮ ઘટી રૂ.૩૧૧.૩૫ના સ્તરે પહોંચ્યો હતો. સીસું માર્ચ વાયદો રૂ.૧.૦૫ ઘટી રૂ.૧૮૮.૯ના ભાવે બોલાયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૬૭૪.૦૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી માર્ચ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૦૭૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૦૯૨ અને નીચામાં રૂ.૩૯૯૧ના મથાળે અથડાઈ, રૂ.૭૩ ઘટી રૂ.૪૦૦૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ માર્ચ વાયદો બેરલદીઠ રૂ.૫૯૭૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૯૮૩ અને નીચામાં રૂ.૫૮૫૬ના મથાળે અથડાઈ, રૂ.૫૯૮૯ના આગલા બંધ સામે રૂ.૧૧૯ ઘટી રૂ.૫૮૭૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની માર્ચ વાયદો રૂ.૧૧૬ ઘટી રૂ.૫૮૭૧ થયો




હતો. નેચરલ ગેસ માર્ચ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૯.૫ ઘટી રૂ.૨૫૫ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ વાયદો રૂ.૯.૬ ઘટી રૂ.૨૫૫.૧ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૯૬૧.૧ના ભાવે ખૂલી, રૂ.૩.૭ ઘટી રૂ.૯૫૭ થયો હતો. કોટન ફેબ્રુઆરી વાયદો રૂ.૬૫૦ ઘટી રૂ.૨૫૦૦૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલચી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૫૨૦ના ભાવે ખૂલી, રૂ.૪ વધી રૂ.૨૫૨૦ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૯૮૨૩.૩૫ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૧૦૨૨૨.૯૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૨૧૪૩.૯૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫૦.૨૮ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૫.૭૯ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૨૬.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૨૫.૨૬ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૬૮૩.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૯૬૫.૧૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧.૦૦ કરોડનાં કામ થયાં હતાં. કોટન-ખાંડીના વાયદામાં રૂ. ૦.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૩૮ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૯૩૮૫ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૭૪૬૯૧ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૯૫૫૩ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૩૬૬૮૨૩ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૫૦૯૧૭ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૯૭૨૪ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૧૭૦૫૬ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૫૮૯૦૦ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૨૧૦૫ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૭૭૫૧ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૦૧૮૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ માર્ચ વાયદો ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૯૭૫૦ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૪૩૦ પોઈન્ટ ઘટી ૩૯૭૫૦ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૯.૨ ઘટી રૂ.૨૭૧.૫ થયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૭ ઘટી રૂ.૧૪.૮૫ના ભાવે બોલાયો હતો. સોનું ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૬૪ ઘટી રૂ.૬૮૦ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૪૩૮ ઘટી રૂ.૧૧૮૫૬.૫ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫.૭૯ ઘટી રૂ.૪૧.૦૧ થયો હતો. જસત માર્ચ રૂ.૩૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૬ પૈસા ઘટી રૂ.૩.૬૪ થયો હતો.

મિની કોલ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૪૮.૪૫ ઘટી રૂ.૨૭૫.૭ થયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૪.૨ ઘટી રૂ.૧૫.૩૫ના ભાવે બોલાયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૧૧.૫ ઘટી રૂ.૭૨ થયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૩૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૫૧૦૦ ઘટી રૂ.૧૨૬૨૮ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ માર્ચ રૂ.૫૯૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬૪ વધી રૂ.૩૪૦.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૫ વધી રૂ.૨૦.૪ થયો હતો.

સોનું ફેબ્રુઆરી રૂ.૧૫૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪ ઘટી રૂ.૪૪ થયો હતો. આ સામે ચાંદી માર્ચ રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૧૩૦.૫ વધી રૂ.૧૯૦૦૦ થયો હતો. તાંબું માર્ચ રૂ.૧૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩.૨૧ વધી રૂ.૩૭.૨૪ના ભાવે બોલાયો હતો. જસત માર્ચ રૂ.૩૧૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૯ પૈસા વધી રૂ.૩.૪૯ થયો હતો.

મિની પુટ ઓપ્શન્સમાં ક્રૂડ તેલ-મિની માર્ચ રૂ.૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૬.૭૫ વધી રૂ.૩૩.૮૫ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની માર્ચ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૫.૫૫ વધી રૂ.૨૦.૩૫ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૧૫૭૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૦ વધી રૂ.૭૨૦ના ભાવે બોલાયો હતો. ચાંદી-મિની માર્ચ રૂ.૨૭૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૩૩૯૨ વધી રૂ.૨૨૩૦૮ના ભાવે બોલાયો હતો.

## વાવ થરાદ જિલ્લામાં આંગણવાડી કાર્યકરોની અચોક્કસ મુદતની હડતાળ આજે ત્રીજા દિવસે પણ યથાવત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

વાવ અને થરાદ જિલ્લાના તાલુકા અને કાંકરેજ તેમજ દિયોદર તાલુકામાં આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો દ્વારા પોતાની પડતર માંગણીઓ અને સતત વધી રહેલા કામના ભારણ સામે વિરોધ પ્રદર્શિત કરવા માટે એક બાદ એક આવેદનપત્ર આપવામાં આવી રહ્યા છે. ટ્રેડ યુનિયનો દ્વારા જાહેર કરવામાં આવેલ ૨૩ ફેબ્રુઆરી ની હડતાળને આંગણવાડીની બહેનોએ સંપૂર્ણ સમર્થન જાહેર કર્યુ છે.

બહેનોએ કહ્યુ હતુ કે છેવાડાના ગામડાઓમાં નેટવર્ક ની સુવિધા નથી, છતાં સતત નવી નવી એપ્લીકેશનો દ્વારા ઓનલાઈન ડેટા એન્ટ્રીનુ દબાણ કરવામાં આવે છે.

સરકાર દ્વારા કામ કરવા માટે મોબાઈલ આપવામાં આવ્યા નથી. તેમ છતાં બહેનોએ પોતાના ખર્ચે અને નજીવા વેતનમાં ઓનલાઈન કામગીરી કરવી પડે છે. જે આર્થિક રીતે પરવડતુ નથી, વરસોથી સેવા આપતી આ બહેનોને ખુબ જ ઓછુ માનદ વેતન મળે છે. અમારી માંગ છે કે હાઈકોર્ટના આદેશ મુજબ બહેનોને કાયમી કર્મચારી ગણવામાં આવે અને સમાન કામ સમાન વેતનનો નિયમ લાગુ કરવામાં આવે, જયાં સુધી અમારી ન્યાયીક માંગણીઓનો સ્વીકાર કરવામાં નહી આવે ત્યાં સુધી અમારી હડતાળ અને લડત ચાલુ રહેશે.



# પરીક્ષાએ જીવનનો અંત નથી પણ નવી શરૂઆત છે:પ્રવકતા મંત્રી જીતુ વાઘાણી

પ્રતિનિધિ,ગાંધીનગર

સમગ્ર ગુજરાતમાં આજે તારીખ ૨૬ ફેબ્રુઆરી થી ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષાઓનો વિધીવત પ્રારંભ થયો છે. આ મહત્વપૂર્ણ અવસરે ગુજરાત રાજયના સરકારી પ્રવકતા મંત્રી જીતુ વાઘાણીએ રાજયના તમામ પરીક્ષાર્થી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને હ્રદયપૂર્વકની શુભકામનાઓ પાઠવી હતી. મંત્રીએ તેમના સંદેશમાં જણાવ્યુ હતુ કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં જ પરીક્ષા પે ચર્ચા થકી દેશભરના વિદ્યાર્થીઓને કોઈપણ દબાણ કે ચિંતા વિના સંપૂર્ણ આત્મ વિશ્વાસ સાથે પરીક્ષા આપવા માટે પ્રોત્સાહિત કર્યા હતા.



દરેક વ્યકિતની એક વિશેષ ક્ષમતા હોય છે, એક ક્ષમતાને પારખીને પોતાની સ્કિલ પર વધુ ફોકસ કરીને ચિંતામુકત થઈ પરીક્ષા આપવા મંત્રીએ આગ્રહ કર્યો હતો. પરીક્ષાએ વિદ્યાર્થીઓના વર્ષભરની મહેનતનુ પરીણામ મેળવવાનો અવસર છે. મંત્રી વાઘાણીએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતા આશાવાદ વ્યકત કર્યો હતો કે વિદ્યાર્થીઓ કોઈપણ જાતના ડર કે માનસિક બોજ રાખ્યા વિના આત્મવિશ્વાસ સાથે પરીક્ષા આપે, મંત્રીએ પરીક્ષાર્થીઓના વાલીઓને પણ અનુરોધ કર્યો હતો કે વિદ્યાર્થીના પરીવારજનોએ ઘરનુ વાતાવરણ હળવુ રાખવા અને બાળકો પર વધુ પડતુ દબાણ લાવવાને બદલે તેમનો ઉત્સાહ વધારવો જોઈએ. પ્રવકતા મંત્રીએ માહિતી આપતા જણાવ્યુ હતુ કે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વ તેમજ નાયબ મુખ્યમંત્રીના સહયોગથી રાજય સરકાર અને શિક્ષણ વિભાગ દ્વારા તમામ પરીક્ષા કેન્દ્રો પર જરૂરી સુવિધાઓ અને ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે. જેથી વિદ્યાર્થીઓ શાંતિ પૂર્ણ માહોલમાં પરીક્ષા આપી શકે.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## નંદેસરી પાસે PCB પોલીસે ટ્રક આંતરી ૩૪ લાખનો દારૂ ઝડપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરા શહેર પોલીસની પ્રિવેન્શન ઓફ ક્રાઈમ બ્રાન્ચ એ દારૂની હેરાફેરી કરતા તત્વો સામે લાલ આંખ કરી છે. આગામી તહેવારોને ધ્યાને રાખી બુટલેગરો દ્વારા દારૂનો જથ્થો ઘુસાડવામાં આવે તેવી શક્યતાને પગલે પોલીસે બાતમીના આધારે નંદેસરી વિસ્તારમાં વોચ ગોઠવી હતી. આ કાર્યવાહી દરમિયાન પોલીસે વિદેશી દારૂ અને બિયરનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે.પીસીબી પોલીસને બાતમી મળી હતી કે એક ટ્રકમાં વિદેશી દારૂનો મોટો જથ્થો વડોદરા તરફ લાવવામાં આવી રહ્યો છે. પોલીસે નંદેસરી નજીક હાઈવે પર નાકાબંધી કરીને શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. ટ્રકની તલાશી લેતા તેમાંથી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવ્યા હતા. જેની કિંમત અંદાજે ૩૪ લાખથી વધુ થાય છે.

પોલીસે ટ્રકમાંથી દારૂના જથ્થા સાથે ટ્રક ચાલક અને ક્લીનરની ધરપકડ કરી લીધી છે. આ સાથે જ દારૂનો જથ્થો અને ટ્રક મળી કુલ ?૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. પકડાયેલા શખ્સોની પૂછપરછમાં આ દારૂ કોણે મોકલ્યો હતો અને કોને પહોંચાડવાનો હતો તેની વિગતો મેળવવાની તજવીજ શરૂ કરાઈ છે.

પ્રાથમિક તપાસમાં આ દારૂના નેટવર્ક સાથે સંકળાયેલા અન્ય ૪ શખ્સોના નામ ખુલ્યા છે, જેને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Printed, Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424. Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA
Regd.Office : B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad - 382 424 Gujarat,India. Phone : (o) 7698333307 (M) 8485951747,7096333307
Email : navsarjansanskruti2016@gmail.com • navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com

### સરકારી શાળાઓને બંધ કરી ખાનગી શાળાઓને પ્રાધાન્ય આપવામાં આવે છેઃ ચૈતર વસાવા

# સરકારે સ્વીકાર્યું - બે વર્ષમાં ૭૫ જેટલી સરકારી શાળાઓ બંધ કરવામાં આવીઃ ચૈતર વસાવા

### શાળાના મકાનો અને પૂરતા ઓરડા ન હોવાના કારણે ગુજરાતમાં પાળી પદ્ધતિથી ૨૬૭૪ શાળાઓ ચાલેઃ ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/ભરૂચ/ આમ આદમી પાર્ટીના ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ વિધાનસભા ખાતે મીડિયા સમક્ષ પોતાની વાતો કરતા જણાવ્યું હતું કે, આજે શિક્ષણ વિભાગને લઈને મારો પ્રશ્ન હતો કે ગુજરાતમાં કેટલી સરકારી શાળાઓ બંધ કરવામાં આવી. તો મને જોવા મળે છે કે છેલ્લા બે વર્ષમાં ૭૫ જેટલી શાળાઓ બંધ કરવામાં આવી છે. આપણું આટલું મોટું શિક્ષણનું બજેટ હોય અને સરકારી શાળાઓને પ્રાધાન્ય આપવાની જગ્યાએ સરકાર શાળાઓ બંધ કરી રહી છે અને ખાનગી શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવે છે ,એ આજના જવાબ પરથી દેખાઈ રહ્યું છે.

વધુમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, મારો બીજો પ્રશ્ન હતો કે રાજ્યમાં કેટલી શાળાઓ પાળી પદ્ધતિથી ચાલે છે, એટલે કે સવારે પ્રાથમિકના બાળકો ભણે અને બપોરે માધ્યમિકના બાળકો ભણે. સરકારે જણાવ્યું કે ગુજરાતમાં પાળી પદ્ધતિથી ૨૬૭૪ શાળાઓ ચાલે છે. ગરવી ગુજરાતની વરવી વાસ્તવિકતા એ છે કે શાળાઓમાં પૂરતા ઓરડાઓ નથી અને શાળાના મકાનો નથી જેના કારણે પાળી પદ્ધતિથી શાળાઓ ચાલે છે. ૧૧ વાગે જે બાળકો સ્કૂલથી છૂટશે તો એ બાળકો ક્યાં જશે અને શું કરશે? સરકાર પાસે એનો કોઈ જવાબ નથી અને બપોરે જે બાળકોનું શિક્ષણ કાર્ય છે તો એ લોકોએ શું કરવાનું તે લોકો ક્યાંથી આવશે? તેના સરકાર પાસે કોઈ જવાબ નથી?

# અમેરીકા સાથેની ટ્રેડ ડીલ મુદ્દે ગુજરાત વિધાનસભા બહાર કોંગ્રેસનો હલ્લાબોલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ




ગુજરાત વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન આજે ગુરૂવારે ભારે રાજકીય ગરમાવો જોવા મળ્યો હતો. સત્રની કાર્યવાહી થાય તે અગાઉ જ કોંગ્રેસે અમેરીકા સાથેની ટ્રેડ ડીલ મુદ્દે દેખાવો કર્યા હતા. જયારે ગૃહની અંદર નિગમોની ગ્રાન્ટ ફાળવણી મુદ્દે થયેલા હોબાળા બાદ વિપક્ષે વોકઆઉટ કર્યો હતો. સત્ર શરૂ થતા પહેલા કોંગ્રેસના ધારાસભ્યોએ પક્ષના કાર્યાલય થી વિધાનસભાના પગથીયા સુધી ભારે સુત્રોચ્ચાર સાથે કુચ કરી હતી, કોંગ્રેસ દ્વારા અમેરીકા સાથે થયેલી ટ્રેડ ડીલ ને રદ કરવાની માંગ સાથે દેખાવો કર્યા હતા. ધારાસભ્યોના હાથમાં પીએમ કોમ્પ્રોમાઈઝ, ટ્રમ્પના દબાવમાં ડીલ અને દેશને બરબાદ કરનારી ડીલ જેવા લખાણવાળા પોસ્ટરો જોવા મળ્યા હતા, કોંગ્રેસે કહ્યુ હતુ કે આ ડીલને કારણે ગુજરાતના ઉદ્યોગકારો, ખેડુતો અને નાના વેપારીઓને મોટુ આર્થિક નુકશાન થશે, વિપક્ષે સરકાર પાસે આ ડીલની વિગતો જાહેર કરી પારદર્શિતા રાખવાની માંગ કરી હતી.

વિધાનસભાની અંદર આજે ગુરૂવારે અનુસચિત જાતિ, અનુસુચિત જનજાતિ અને પછાત વર્ગ નિગમોને રકમ ફાળવવાના મુદ્દે ચર્ચા હાથ ધરવામાં આવી હતી. મંત્રી મનીષા વકીલે ગૃહમાં જણાવ્યુ હતુ કે સરકાર દ્વારા આ નિગમોને નિયમિત રીતે પુરતી રકમ ફાળવવામાં આવી રહી છે. જો કે મંત્રીના જવાબ થી અસંતોષ વ્યકત કરતા કોંગ્રેસના ધારાસભ્યોએ આક્ષેપ કર્યો હતો કે ગ્રાન્ટ સમયસર મળતી નથી, જેના કારણે જરૂરીયાતમંદોને સહાય પહોચાડવામાં મુશ્કેલી પડી રહી છે. ચર્ચા દરમિયાન કોંગ્રેસના તમામ ધારાસભ્યો પોતાની જગ્યાએ ઉભા થઈ ગયા હતા અને જોરશોરથી ભારે સુત્રોચ્ચાર કર્યા હતા. અધ્યક્ષ દ્વારા વારંવાર શાંતિ જાળવવાની અપીલ કરવા છતાં હોબાળો યથાવત રહ્યો હતો. અંતે સરકારના વલણ સામે વિરોધ નોંધાવતા કોંગ્રેસના તમામ ધારાસભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો.

# ધારાસભ્યોના આબરૂના કાંકરા : ૪૫ હજાર ઠાકોર સમાજના લોકોનો મામલો પણ મંત્રીએ માત્ર ધારાસભ્યોને સુચન હોવાનુ કહી જવાબ ન આપ્યો

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત વિધાનસભામાં હાલ પ્રશ્નોત્તરીકાળ ચાલી રહ્યો છે. બજેટસત્ર દરમિયાન પ્રશ્નોત્તરીકાળમાં આજે ઠાકોર અને કોળી સમાજના વિકાસ માટે અપાતી લોનનો મુદ્દો ગાજયો હતો. ઠાકોર સમાજના અગ્રણી નેતાઓ અને ધારાસભ્યો દ્વારા પ્રોપર્ટીકાર્ડ પર બોજો પાડયા વગર લોન આપવાની રજુઆત કરવામાં આવી હતી. જેને રાજય સરકારે હાલના તબકકે સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. ગુજરાત વિધાનસભા ગૃહમાં આ મુદ્દે અપક્ષ ધારાસભ્ય ધવલસિંહ ઝાલા અને ભાજપના ધારાસભ્ય અલ્પેશ ઠાકોરે આક્રમક રીતે રજુઆત કરી હતી. અલ્પેશ ઠાકોરે સરકારનુ ધ્યાન દોરતા જણાવ્યુ હતુ કે ગરીબ અને મધ્યમવર્ગના ઠાકોર અને કોળી સમાજના લોકો જયારે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ પાસે નાની મોટી લોન માટે અરજી કરે છે ત્યારે તેમને અનેક




વહિવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. માત્ર ૧૦ હજાર રૂપીયા જેવી નજીવી રકમની લોન લેવા માટે પણ લાભાર્થીએ પોતાની રૂપીયા ૨ લાખ કે તેથી વધુની ની કિંમતની મિલ્કત (પ્રોપર્ટી કાર્ડ ) પર સરકારનો બોજો નોંધાવવો પડે છે, આ પ્રક્રિયા અત્યંત જટીલ છે અને ગરીબ માણસ માટે પોતાની મિલ્કત ગીરો મુકવા સમાન છે જે અન્યાયી છે. ગુજરાત ના ધારાસભ્યોની આ રજુઆત સામે સરકારના રાજય કક્ષાના મંત્રી મનીષા વકીલે સરકારનો પક્ષ રાખતા સ્પષ્ટ કહ્યુ હતુ કે લોન આપવાની પ્રક્રિયા પારદર્શક અને નિયમબધ્ધ હોવી જરૂરી છે. તેના જવાબમાં નિગમ પાસે આવતી તમામ લોન અરજીઓનો સમયસર નિકાલ કરવામાં આવે છે. કોઈપણ નાણાંકીય સહાય કે લોન આપવા માટે જરૂરી કાગળો અને સુરક્ષા અનિવાર્ય છે. પ્રોપર્ટી કાર્ડ પર બોજો પાડવો જરૂરી છે. પરંતુ તે મિલ્કત લોન લેનારની પોતાની હોય તે જરૂરી નથી, જો કોઈ જામીનદાર (સાક્ષી) પોતાની પ્રોપર્ટી આપવા તૈયાર હોય તો તેના કાર્ડ પર પણ બોજો પાડીને લોન આપવામાં આવે છે. મનીષા વકીલે વધુમાં જણાવ્યુ હતુ કે રાજય સરકારની પ્રાથમિકતા નિયમોનુ પાલન કરવાની છે. લોન માટે જરૂરી સીકયુરીટી આપવી જ પડે છે, અલ્પેશ ઠાકોરે ગૃહમાં સરકારને નમ્ર વિનંતી કરી હતી કે આ પ્રક્રિયામાં સુધારો કરી ગરીબલક્ષી નીતિ બનાવવામાં આવે , જેથી સામાન્ય માણસ બોજાની બીક વગર લોન લઈ શકે, જો કે મંત્રીએ આ રજુઆતને માત્ર એક સુચન તરીકે ગણાવી હતી અને ભવિષ્યમાં કોઈ ચોકકસ ફેરફાર કરવાની ખાત્રી આપવાનુ ટાળ્યુ હતું. આ ઘટનાને પગલે રાજકીય વર્તુળોમાં ચર્ચા થઈ છે કે શું સરકાર આગામી સમયમાં પછાત વર્ગો માટે લોન પ્રક્રિયા સરળ બનાવશે કે પછી બોજાની આ પ્રથા ચાલુ રહેશે? નોંધનીય છે કે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમ દ્વારા કોળી અને ઠાકોર સમુદાય માટે વિવિધ સ્વરોજગાર અને શૈક્ષણિક લોન યોજનાઓ ચલાવવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા ૩ લાખ સુધી છે, અરજીઓ ગુજરાત સરકારની વેબસાઈટ પરથી ઓનલાઈન કરી શકાય છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાતે લક્ઝમબર્ગના ગ્રાન્ડ ડચીના નાણાં મંત્રી શ્રી ગિલિસ રોથ અને ડેલિગેશન



### વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત પ્રુડન્ટ ફાયનાન્સિયલ મેનેજમેન્ટ ધરાવતું રાજ્ય ગ્રીન એનર્જી-ગ્રીન ફાયનાંન્સિગ-ગ્રીન ગ્રોથમાં અગ્રેસરતા માટે લક્ઝમબર્ગની તજજ્ઞતાનો લાભ માટે પરામર્શ કર્યા

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મૂલાકાત લક્ઝમબર્ગના ગ્રાન્ડ ડચીના નાણાં મંત્રી શ્રી ગિલિસ રોથ અને ડેલિગેશને ગાંધીનગરમાં લીધી હતી.

લક્ઝમબર્ગ ૧૧૫ બેંક્સ સાથે ૮ ટ્રીલિયન યુરોનું રોકાણ એસેટ મેનેજમેન્ટમાં અને ૮૦ જેટલા દેશોમાં ઈન્વેસ્ટમેન્ટ એન્ડ ફાયનાંન્સિયલ સર્વિસસમાં પ્રેઝન્સ ધરાવે છે આ સંદર્ભમાં તેમણે ભારત-ગુજરાત સાથે નાણાંકિય સંબંધો વિસ્તારવા માટેની ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ બેઠકની ચર્ચાઓ દરમિયાન જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાત પ્રુડન્ટ ફાયનાંન્સિયલ મેનેજમેન્ટ ધરાવતું રાજ્ય છે. એટલું જ નહિ, ગ્રીન એનર્જી, ગ્રીન ફાયનાંન્સિગ તથા ગ્રીન ગ્રોથમાં લિડ લેવા સજ્જ છે તે સંદર્ભમાં લક્ઝમબર્ગની ગ્રીન બોન્ડ અને ગ્રીન ફાયનાંન્સિગ ક્ષેત્રની તજજ્ઞતાનો લાભ રાજ્યને મળે તે માટે તેમણે ચર્ચા-વિચારણાઓ કરી હતી.

તેમણે વડાપ્રધાનશ્રીએ રિન્યુએબલ-ગ્રીન એનર્જી અને મિશન લાઈફ દ્વારા પર્યાવરણ અનુકુલ જીવન શૈલી સાથે ગ્રીન ગ્રોથનો જે વિચાર આપ્યો છે તેને મ્યુનિસિપલ ગ્રીન બોન્ડ્સ તથા લોંગટર્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટથી સાકાર કરી શકાય તે માટે પણ પરસ્પર સહયોગની સંભાવનાઓ ચકાસવા અનુરોધ કર્યો હતો.

લક્ઝમબર્ગના નાણાં મંત્રી શ્રી ગિલિસ રોથે જણાવ્યું કે, ગિફ્ટ સિટીમાં IFSCA અને લક્ઝમબર્ગના CSSF વચ્ચે થયેલા એમ.ઓ.યુ. દ્વારા ભારત અને લક્ઝમબર્ગનો નાણાંકિય સહયોગ વધુ મજબૂત બન્યો છે અને ગુજરાતની ગ્લોબલ ફાયનાંન્સિયલ કનેક્ટિવિટીમાં પણ વધારો થયો છે. શ્રીયુત ગિલિસ રોથે ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ ફાયનાંન્સીંગ સેક્ટરમાં વધુ રોકાણો માટે લેકઝમબર્ગની ઉત્સુકતા દર્શાવી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે લક્ઝમબર્ગના પ્રતિનિધિ મંડળને આગામી જાન્યુઆરી-૨૦૨૭માં યોજાનારી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ તથા એપ્રીલ-૨૦૨૬ તથા જૂન-૨૦૨૬માં યોજાનારી સાઉથ અને સેન્ટ્રલ ગુજરાતની વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં જોડાવા માટેનું આમંત્રણ પણ પાઠવ્યું હતું.

લક્ઝમબર્ગના ફાયનાન્સ મિનિસ્ટર શ્રીયુત ગિલિસ રોથે મુખ્યમંત્રીશ્રી અને ગુજરાત સરકારના પ્રતિનિધી મંડળને લક્ઝમબર્ગ ગ્રાન્ડ ડચીની મુલાકાતે આવવાનું ભાવભર્યુ આમંત્રણ આપ્યું હતું.

આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવ શ્રી સંજીવ કુમાર, ઉદ્યોગ કમિશનર શ્રી પી. સ્વરૂપ તથા મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવ ડૉ. વિક્રાંત પાંડે પણ સહભાગી થયા હતાં.

# બંધારણ સામે સત્તાનો નશો કંઈ ન ચાલ્યોઃ ઠાકોર સમાજનુ બંધારણ તોડવા બદલ ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખને ૧.૫૧ લાખનો દંડ

### ભાજપના પૂર્વ પ્રમુખ દશરથજી ઠાકોરને દંડ ફટકારાયોઃ દાતરવાડા સમિતિ તેમજ આગવાનો દ્વારા ૧.૫૧ લાખનો દંડ

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટણ જિલ્લાના હારીજમાં ઠાકોર સમાજના સામાજિક બંધારણ ના ઉલ્લંઘનનો મોટો કિસ્સો બહાર આવ્યો છે. જેમાં સત્તાના નશામાં ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખે ઠાકોર સમાજના બંધારણનુ ઉલ્લંઘન કર્યુ હતુ, જેને લઈ ઠાકોર સમાજે રૂપીયા ૧.૫૧ લાખનો દંડ ફટકાર્યો છે,




ઠાકોર સમાજની દાતરવાડા ગામ સમિતિ અને સમાજના અગ્રણીઓએ એક મહત્વપૂર્ણ બેઠક યોજીને ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોરને રૂપીયા ૧.૫૧ લાખનો દંડ ફટકાર્યો છે. તાજેતરમાં હારીજમાં દશરથજી ઠાકોર ના પુત્રના લગ્ન પ્રસંગનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે રાખવામાં આવેલ શાહી કંકોત્રી, ભવ્ય રીસેપ્શન અને જમણવારના વિડીયો સોશીયલ મીડીયામા વાયરલ થયા હતા. ઠાકોર સમાજ દ્વારા સામાજિક સુધારા માટે બનાવવામાં આવેલા કડક બંધારણના નિયમોનુ સરેઆમ ઉલ્લંઘન થયુ હોવાનુ બહાર આવ્યુ હતું. હારીજ ખાતે યોજાયેલી ઠાકોર સમાજની એક વિશાળ સભામાં સામાજિક શિસ્તના ભંગ બદલ કડક વલણ અપનાવવામાં આવ્યુ હતું. અગાઉ મગનજી ઠાકોર વિરૂધ્ધ થયેલી કાર્યવાહીને અનુસરીને હવે ભાજપના પૂર્વ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોરને પણ સમાજના નિર્ધારીત બંધારણ અને નિયમોનુ પાલન ન કરવા બદલ દંડિત કરવામાં આવ્યા છે. દિકરાના લગ્ન પ્રસંગે સમાજના ધારાધોરણોના ભંગ બદલ સમાજમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી. જેના પરીણામે દાતરવાડા ગામ સમિતિ અને સમાજના આગેવાનોએ સાથે મળીને દશરથજી ઠાકોરને રૂપીયા ૧.૫૧ લાખ રૂપીયાનો રોકડ દંડ ફટકાર્યો છે. સમાજ દ્વારા લેવામાં આવેલા આ મહત્વપૂર્ણ નિર્ણય મુજબ વસુલવામાં આવેલી દંડની આ રકમનો અંગત ઉપયોગ કરવાને બદલે તેને સમાજના હિતમાં વાપરવાનુ નકકી કરાયુ છે. આ રકમનો ઉપયોગ સામાજિક ઉત્થાન અને શૈક્ષણિક સેવાકીય પ્રવૃત્તિઓ માટે કરવામાં આવશે. જેથી સમાજના ગરીબ અને જરૂરીયાતમંદ વિદ્યાર્થીઓને મદદ મળી રહે, સમાજની આ કાર્યવાહીથી સ્પષ્ટ સંદેશ ગયો છે કે સામાજિક બંધારણ સર્વોપરી છે અને તેનુ ઉલ્લંઘન કરનાર કોઈપણ રાજકીય સત્તાધારી હોય કે વિપક્ષનો નેતા હોય, ભલે ગમે તેટલી વગ ધરાવતી વ્યકિત હોય તેને છોડવામાં આવશે નહી, ઠાકોર સમાજ દ્વારા ખોટા ખર્ચાઓ રોકવા અને સાદગીપૂર્ણ લગ્ન પ્રસંગો યોજવા માટે એક બંધારણ અમલમાં મુકવામાં આવ્યુ છે. આ કિસ્સાએ સાબિત કર્યુ છે કે સમાજનો હોદ્દો કે રાજકીય વગ ગમે તેટલી હોય પણ સામાજિક નિયમો દરેક માટે સમાન છે. આ ઘટના હાલ સમગ્ર પાટણ જિલ્લામાં ચર્ચાનો વિષય બની છે.

# મંત્રીઓ અને ધારાસભ્યોના માન સન્માનમાં ચુક થઈ તો અધિકારીઓની ખેર નહી : પ્રોટોકોલ મામલે બહાર પાડયો પરીપત્ર

### પરંતુ અહીંયા તો સન્માનની વાત તો દુર રહી પરંતુ હાલમાં સમગ્ર રાજયની સરકારી કચેરીઓમાં મંત્રીઓ અને ધારાસભ્યોના ભલામણપત્રો ધુળ ખાઈ રહ્યા છે



પ્રતિનિધિ,ગાંધીનગર

રાજય સરકારે મંત્રીઓ અને ધારાસભ્યોના પ્રોટોકોલ સંબંધીત મુદ્દે કડક વલણ દાખવતા મહત્વપૂર્ણ પરીપત્ર બહાર પાડયો છે. પરીપત્રમાં સ્પષ્ટ સુચના આપવામાં આવી છે કે મંત્રીઓ અને ધારાસભ્યો જેવા જનપ્રતિનિધિઓ સાથે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓએ યોગ્ય વિવેકપૂર્ણ અને સન્માનસભર વર્તન રાખવુ ફરજીયાત છે, પરંતુ રાજયની વડી કચેરીઓ સહિત જિલ્લાની કચેરીઓમાં હાલમાં પણ વિભાગના મંત્રીઓ, ધારાસભ્યો અને જન પ્રતિનિધિઓના ભલામણપત્રો ધુળ ખાઈ રહ્યા છે. હાલમાં જ સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારીની કચેરીમાં પ્રભારી મંત્રી નો ભલામણપત્ર છેલ્લા ૬ મહિનાથી ધુળ ખાઈ રહ્યો છે. ત્યારે શું સામાન્ય વહિવટ વિભાગ જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કરશે ખરા તે એક મોટો સવાલ મંત્રીઓ અને ધારાસભ્યોમાં ઉઠી રહ્યો છે.

રાજય સરકાર દ્વારા યોજાતા કાર્યક્રમોમાં તેમને આમંત્રણ આપવુ, આમંત્રણ પત્રિકામાં તેમનુ નામ યોગ્ય રીતે દર્શાવવુ અને બેઠક વ્યવસ્થા પ્રોટોકોલ મુજબ જાળવવી અનિવાર્ય ગણવામાં આવી છે. મંત્રીઓ અને ધારાસભ્યના માન સન્માનમાં ચુક થઈ તો અધિકારીઓની ખેર નથી, આ પરીપત્ર માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે અગાઉ પણ આ બાબતે સુચનાઓ આપવામાં આવી હતી છતાં અમલમાં ખામી રહેતી હોવાનો અનુભવ થયો છે. કારણ કે કેટલાક અધિકારીઓ હોતી હૈ ચલતી હૈ જેવી નીતિ અખત્યાર કરતા હોવાની ફરીયાદો ઉઠી રહી છે. સામાન્ય વહિવટ વિભાગ પરીપત્ર બહાર પાડે પરંતુ તેનો અમલ માત્ર ૪ દિવસ પુરતો જ હોય છે. બાકી તો બધુ જૈ સૈ થૈ મુજબ જ કામગીરી થતી હોય છે.

જાહેર હિસાબ સમિતિએ પણ સમયાંતરે આ મુદ્દે નોંધ લીધી હોવાનુ જણાવાયુ છે. નવી સુચનાઓ મુજબ મંત્રીઓના જિલ્લા પ્રવાસ દરમિયાન તેમને ગરીમાપૂર્ણ આવકાર આપવામાં આવવો જોઈએ , જિલ્લા વહિવટી તંત્ર દ્વારા યોજાતા સરકારી કાર્યક્રમોમાં સંબંધીત જિલ્લાના પ્રભારી મંત્રીને સંકલનમાં રાખીને આયોજન કરવુ જરૂરી રહેશે. મંત્રીઓ અને ધારાસભ્યોના પ્રોટોકોલ મામલે બહાર પાડવામાં આવ્યો છે પરીપત્ર જેનો અમલ થાય તો ખરા નહી તો પરીપત્ર માત્ર કાગળ ઉપર જ સીમીત રહે તેવુ લોકો કહી રહ્યા છે. જન પ્રતિનિધિઓ જયારે જાહેર કાર્યક્રમોમાં અથવા સરકારી કચેરીઓની મુલાકાતે આવે ત્યારે અધિકારીઓએ તેમનુ માન જળવાય તે રીતે વર્તવુ તેમને રાહ ન જોવડાવવી અને તેમની રજુઆતો ધ્યાનપૂર્વક સાંભળવી ફરજીયાત રહેશે. તેમજ તેમણે મોકલેલા ભલામણપત્ર નુ કામ ઝડપી પૂર્ણ કરવુ જોઈએ, સરકારે ચેતવણી આપી છે કે પરીપત્રની સુચનાઓનો ભંગ ગંભીર માનવામાં આવશે અને જવાબદાર અધિકારીઓ વિરૂધ્ધ નિયમ મુજબ પગલા લેવામાં આવશે તેથી હવે મંત્રીઓ અને ધારાસભ્યોના માન સન્માનમાં ચુક થશે તો સંબંધીત અધિકારીઓ વિરૂધ્ધ કાર્યવાહી નિશ્ચિત ગણાશે.

### ગુજરાતમાં સેમિકન્ડક્ટર ક્ષેત્ર અને ઔદ્યોગિક ઈકોસિસ્ટમના વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ

# સાણંદ GIDCમાં પ્રીમિયમ હોટલ બનાવવા માટે પ્લોટની હરાજી પૂર્ણ, ૫ એકર જેટલી જમીન ડેવલપરને ફાળવાઈ

### ચાર વર્ષમાં નિર્માણકાર્યની જોગવાઈ, સાણંદ ઔદ્યોગિક વિસ્તારમાં ઉદ્યોગોને મળતી સુવિધાઓમાં વધારો

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં કાર્યરત નેશનલ અને મલ્ટીનેશનલ કંપનીઓ માટે સુવિધાઓમાં વધારો કરવાના ઉદ્દેશથી, હોટલ નિર્માણ માટે પ્લોટની હરાજી પૂર્ણ કરવામાં આવી છે. સાણંદ-૨ ઔદ્યોગિક વસાહતમાં ૨૦૧૬૮.૫૪ ચોરસ મીટર (અંદાજિત ૫ એકર) જેટલો પ્લોટ વિશેષ રીતે પ્રીમિયમ હોટલ નિર્માણ માટે રિઝર્વ કરવામાં આવ્યો હતો જેની હરાજી ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ પૂર્ણ કરવામાં આવી છે. આ ઈ-હરાજીમાં મહત્તમ બીડ સાથેના ડેવલપરને નિયમોનુસાર પ્લૉટની ફાળવણી કરવામાં આવી છે. ૩ થી ૫ સ્ટાર હોટલના નિર્માણની કામગીરી શરૂ કરવા માટે કંપનીને ચાર વર્ષનો મોરિટોરિયમ પીરિયડ આપવામાં આવ્યો છે. આ હોટલ સિવાય સાણંદ ઔદ્યોગિક વસાહતની ૩ કિલોમીટર નજીક એક ફાઈવ સ્ટાર હોટલ નિર્માણની કામગીરી પણ પ્રગતિમાં છે. ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાણંદ ઔદ્યોગિક વસાહતમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી માઈક્રોન ટેક્નોલોજીના અદ્યતન સેમિકન્ડક્ટર પ્લાન્ટનો શુભારંભ કરાવશે. આ પ્રકારની વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓની હાજરી હોવાથી, અહીં મુલાકાતે આવતા ડેલિગેટ્સ અને કર્મચારીઓને રહેવા માટે આ હોટલની સુવિધા મહત્વપૂર્ણ બનશે. રાજ્યમાં ઉદ્યોગોની જરૂરિયાતને અનુરૂપ સામાજિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર નિર્માણ માટે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં સઘન પ્રયાસો ચાલી રહ્યા છે.

સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ઉદ્યોગોની સુવિધા માટે અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સુવ્યવસ્થિત કનેક્ટિવિટી હોવાથી ઉદ્યોગોનો સતત વિકાસ થઈ રહ્યો છે. અત્યારે સાણંદ ઔદ્યોગિક વસાહતમાં ૧૧૫૦ ઔદ્યોગિક એકમો કાર્યરત છે. સાણંદમાં મહિલાઓ માટે સમર્પિત મહિલા ઔદ્યોગિક પાર્ક બનાવવામાં આવ્યો છે, જેના દ્વારા મહિલાઓને સશક્ત બનાવવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. રાજ્ય સરકારે ઉદ્યોગો માટે અનુકૂળ નીતિઓ બનાવીને ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસના વિઝનને ચરિતાર્થ કર્યું છે.

# સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત

અમદાવાદ મંડળના સાબરમતી સ્ટેશન પર રીડેવલપમેન્ટ કાર્ય અંતર્ગત પ્લેટફોર્મ નં. ૦૧ પર એન્જિનિયરિંગ કામ માટે ૨૭-૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક પેસેન્જર ટ્રેનો પ્રભાવિત રહેશે. વિગત નીચે મુજબ છેઃ

આંશિક રદ ટ્રેન

- ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૪૮૨૧ જોધપુર–સાબરમતી એક્સપ્રેસ આબુ રોડ–સાબરમતી વચ્ચે આંશિક રદ રહેશે.
- ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૧૪૮૨૨ સાબરમતી–જોધપુર એક્સપ્રેસ સાબરમતી–આબુ રોડ વચ્ચે આંશિક રદ રહેશે.

સંપૂર્ણ રદ ટ્રેનો

- ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૭૯૪૩૫/૭૯૪૩૬ સાબરમતી–પાટણ–સાબરમતી ડેમુ રદ રહેશે.
- ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૬ની ટ્રેન સંખ્યા ૬૯૨૪૯/૬૯૨૫૦ સાબરમતી–કાટોસણ રોડ–સાબરમતી મેમુ રદ રહેશે.

ટ્રેનોના ઠેરાવ, માર્ગ અને રચના અંગે વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www. enquiry. indianrail.gov.in પર જઈ તપાસ કરી શકે છે.

**પશ્ચિમ રેલ્વે - રતલામ વિભાગ**

**ઈ-ટેન્ડર સૂચના**

ભારતીય સંઘના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી, સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન, પશ્ચિમ રેલ્વે, રતલામ નીચેના કામ માટે ઇ-ટેન્ડર આમંત્રિત કરે છે: ટેન્ડર નંબર: EL/TRD/ 58/2x25/EPC-PSI/01, તારીખ: 24.02.2026. કાર્યનું નામ: પશ્ચિમ રેલ્વેના રતલામ વિભાગના ગોધરા-રતલામ વિભાગ વચ્ચે 2x25KV ફીડિંગ સિસ્ટમ માટે 132/55KV સ્કોટ કનેક્ટેડ ટ્રેક્શન સબસ્ટેશન અને સ્વિચિંગ પોસ્ટ્સની ડિઝાઇન, સપ્લાય, બાંધકામ, પરીક્ષણ અને કમિશનિંગ. કાર્યની અંદાજિત કિંમત: રૂ. 146,06,00,000/-. અર્નેસ્ટ મની ડિપોઝિટ/બિડ સિક્યોરિટી: રૂ. રૂ. 74,53,000/-. પૂર્ણતા સમયગાળો: 24 મહિના.ટેન્ડર દસ્તાવેજની કિંમત: નથી. બંધ થવાની તારીખ અને સમય: તા. 12.03.2026 ના 15:00 કલાક ના બદલે તા. 25.03.2026 ના 15:00 કલાક સુધી. ટેકનિકલ બિડ્સ ખોલવાની તા. 24.03.2026 ના 15:30 કલાક ના બદલે તા. 06.04.2026 ના 15:30 કલાક સુધી. ઓફરની માન્યતા: ખુલવાની તારીખ થી 180 દિવસ. વેબસાઇટની વિગતો : www.ireps.gov.in નોટિસ બોર્ડ નું સ્થાન: સિનિયર ડિવિઝનલ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રિબ્યુશન) ઓફિસની સામે, પશ્ચિમ રેલ્વે, રતલામ-457001. AK/13/1/482

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે અમદાવાદ મંડળ**

**એલસી નં. 4 ના ઈન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ**

**ટેન્ડર આમંત્રિત સૂચના સંખ્યા: DRM-SnT-ADI-Sig 16 વર્ષ 2025-26** ને આમંત્રણ આપતી સૂચના ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેમના વતી કાર્યરત DRM/S અને T ટેન્ડર નંબર DRM-SnT-ADI-Sig 16 વર્ષ 2025-26 ને ઈ-ટેન્ડર આમંત્રણ આપે છે. અંતિમ તારીખ 20.03.2026, 15:00 બિડર્સ ફક્ત અંતિમ તારીખ અને સમય સુધી તેમની મૂળ/સુધારેલી બિડ સબમિટ કરી શકશે, આ ટેન્ડર સામે મેન્યુઅલ ઓફરને મંજૂરી નથી,અને પ્રાપ્ત થયેલી કોઈપણ મેન્યુઅલ ઓફરને અવગણવામાં આવશે. **1. કાર્યનું નામ:** અમદાવાદ મંડળમાં કલોલ-આદરજ મોટી સેક્શન વચ્ચે કિ.મી. 5/8-9 પર એલસી નં. 4 ના ઈન્ટરલોકિંગના સંદર્ભમાં સિગ્નલિંગ સામગ્રીનો આંશિક પુરવઠો, ઈન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **૨. કામનો અંદાજિત ખર્ચ:** રૂ. ૧,૪૪,૮૫,૭૦૦.૮૨/- (રૂ. એક કરોડ ચુમ્માલીસ લાખ પંચ્યાસી હજાર સાતસો રૂપિયા અને બ્યાસી પૈસા માત્ર) **૩. અર્નેસ્ટ મની ડિપોઝિટ:** રૂ. ૨,૨૨,૪૦૦/- (રૂ. બે લાખ બાવીસ હજાર ચારસો માત્ર) **૪. બંધ કરવાની તારીખ અને સમય:** ૨૦.૦૩.૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક પછી નહીં **૫. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય:** ૨૦.૦૩.૨૦૨૬ ના રોજ ૧૫:૩૦ કલાકે ખુલશે. **૬. ઈ-ટેન્ડરિંગની વેબસાઈટ:** www.ireps.gov.in ADI 290

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# સુરત મ.ન.પા.: સ્વાતિ દેસાઈની નોકરીમાં જાળવણી અને ભરતીમાં અનિયમિતતાઓની ચર્ચા



(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત સુરત મ.ન.પા માં સ્મીમેર હોસ્પિટલનું આયોજન થતાં નવા સ્ટાફની ભરતી કરવામાં આવેલી. જેમાં વર્ગ-૪, વર્ગ-૩, ટેકનિકલ સ્ટાફ, નર્સિંગ સ્ટાફની તાત્કાલિક ભરતી કરવામાં આવેલી. અને સાથે સાથે મેડિકલ કોલેજની પણ તાત્કાલિક મંજૂરી મળતા સ્ટાફની ભરતી કરવી જરૂરી થઈ પડેલ. આ સંજોગોમાં લાગવગીયા અને કાકા,મામા,બાપા ની વગ ધરાવતા કર્મચારીઓ નિમણુંક પામેલા. આ સદર ભરતીમાં કારકુન(ક્લાર્ક) તરીકે સ્વાતિ દેસાઈ સાથે આશરે ચાલીસેક જેટલા કર્મચારીઓની કોઈપણ પ્રકારની ભરતીની પ્રક્રિયા જાળવ્યા વગર સ્વાતિ દેસાઈ જે હાલમાં ડે.મ્યુ.કમિશ્નરની પોસ્ટ ઉપર છે તેઓ પણ કારકુન(ક્લાર્ક) તરીકે જોડાયેલા. ત્યારબાદ વગવસીલો મળી જતાં તેઓ સુરત મ.ન.પા માં સેક્રેટરી ની પોસ્ટ ઉપર પસંદ કરવામાં આવેલા. અને ત્યારબાદ ગણતરીના વર્ષોમાં તેઓ સુરત મ.ન.પા માં છેલ્લા ૩ વર્ષ ઉપરાંતથી ડે.મ્યુ.કમિશ્નર ના હોદ્દે બિરાજમાન છે.

સુરત મ.ન.પા ના નીતિ-નિયમો મુજબ પર્સોનેલ ઓફિસર અને આસિસ્ટન્ટ કમિશ્નર અને ડે.કમિશ્નર (નોન ટેકનિકલ) કર્મચારી / અધિકારીએ એલએલબી (LLB) ની ડિગ્રી મેળવેલી હોવી જોઈએ. આ એક લાયકાત નક્કી કરવામાં આવેલ છે. પર્સોનેલ ઓફિસર અને આસિસ્ટન્ટ કમિશનરો સામાન્ય રીતે ડે.કમિશનરોમાં આવતા હોય છે. કારણકે તેઓ એલએલબી ની ડિગ્રી ધરાવતા હોય છે.

સ્વાતિ દેસાઈ એ સુરત મ.ન.પા માં નોકરીમાં જોડાતા પહેલા એલએલબી નો અભ્યાસ પૂર્ણ કરેલ હતો કે નોકરીમાં જોડાયા બાદ એલએલબી નો અભ્યાસ કર્યો છે? એ તપાસ નો વિષય છે. સુરત મ.ન.પા માંથી પ્રાપ્ત માહિતી મુજબ સ્વાતિ દેસાઈ એ ચાલુ ફરજ દરમ્યાન LLB ની ડિગ્રી મેળવેલ હોવાની ચર્ચા ચાલી રહેલ છે.


સ્વાતિ દેસાઈ એ રાજીનામું પાછું ખેંચતા અન્ય કોઈ ઝોન ઓફિસમાં પોસ્ટિંગ આપવું નહીં અને મનપસંદ વિભાગોમાં જ ફરજ બજાવે અને હિસાબી કામગીરી તેઓની પાસે જ રહે એવી શરત સાથે રાજીનામું પાછું ખેંચી આખરે મ.ન.પા નું નાક દબાવી નોકરીમાં ચાલુ રહ્યા છે. અહીં સુરત મ.ન.પા ની એવી શું મજબૂરી છે કે આટલી બધી બેરોજગારીમાં જ્યાં અસંખ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો બેરોજગાર હોવા છતાં સ્વાતિ દેસાઈ ને ચાલુ રખ્યા છે.

અહી સવાલનો સવાલ એ છે કે શું કોઈ ગોડ ફાધર સ્વાતિ દેસાઈને પાછલા બારણે બચાવી પોતાનો કોઈ સ્વાર્થ તો નથી સાંધી રહ્યા ને? આમ સવાલો તો ઘણા છે પણ જેના જવાબો આપવા મ.ન.પા ના પદાધિકારીઓ કે ઉચ્ચ અધિકારીઓ હાલ માટે મૌની બાબા બની ને તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપ જેવી નીતિ અપનાવી રહ્યા છે.

# હવે તિરુપતિના લાડવામાં થનારી ભેળસેળ ઈલેક્ટ્રોનિક જીભ અને નાક પકડી પાડશે

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત તિરુમાલા તિરુપતિ દેવસ્થાનમ (TTD) ના પ્રખ્યાત તિરુપતિ બાલાજી મંદિરમાં ભેળસેળયુક્ત લાડુનો પ્રસાદ મળી આવ્યા બાદ મંદિરમાં પ્રસાદના ઘટકોનું પરીક્ષણ કરવા માટે ૨૫ કરોડ રૂપિયાના ખર્ચે એક આધુનિક લેબોરેટરી સ્થાપવામાં આવી રહી છે. આ સંદર્ભમાં આંધ્રપ્રદેશના આરોગ્ય પ્રધાન વાય.સત્યકુમાર યાદવે જણાવ્યુ હતું કે "આ લેબોરેટરીનું નિર્માણ ઓક્ટોબર ૨૦૨૪ માં આંધ્રપ્રદેશ સરકાર અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરીટી ઓફ ઈન્ડિયા (FSSAI) વચ્ચે થયેલા કરાર મુજબ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ માટે આશરે ૨૫ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. લેબોરેટરીનું ૯૦ ટકા કામ પૂરું થઈ ગયું છે. આવતા મહિને કામગીરી શરૂ થવાની ધારણા છે.

આ લેબોરેટરીમાં વિવિધ પ્રકારના ખોરાકનું પરીક્ષણ કરવા માટે અત્યાધુનિક ઉપકરણો હશે. પરંતુ મુખ્ય ઉપકરણો ઈલેક્ટ્રોનિક જીભ અને ઈલેક્ટ્રોનિક નાક હશે. જે ફ્રાન્સથી ૩.૫ કરોડ રૂપિયાના ખર્ચે આયાત કરવામાં આવ્યા છે. આ ઉપકરણો ઘી ની શુધ્ધતા, સ્વાદ, ગંધ અને રચનામાં સૂક્ષ્મ ફેરફારો પણ શોધી શકે છે.



આ પ્રખ્યાત લાડુ અને અન્ય પ્રસાદ બનાવવામાં વપરાતા ઘી ની ઉચ્ચત્તમ ગુણવત્તા જાળવવાના પ્રયાસોનો એક ભાગ છે. લેબોરેટરીમાં ડઝન બંધ અન્ય સાધનો પણ સ્થાપવામાં આવી રહ્યા છે. જેમાં કાચા માલની તાજગી શોધવા માટે સેન્સર અને માઈક્રોબાયોલોજી ટેસ્ટર્સનો સમાવેશ થાય છે. લેબોરેટરી પરીક્ષણ ખાતરી કરશે કે ભક્તોને પીરસવામાં આવતા લાડુ અને પ્રસાદ ઉચ્ચ ગુણવત્તાના છે.

# જ્યારથી મોબાઈલે જીવનમાં સ્થાન લીધું છે ત્યારથી આત્મહત્યાનું પ્રમાણ પણ ખૂબ જ ખરાબ રીતે વધી ગયું છે

(છગનલાલ મેવાડા ધ્વારા ) સુરત આજના આધુનિક યુગમાં હવે મોબાઈલ જાણે કે જરૂરિયાતનું સાધન બની ગયો હોય એટલી હદે એનો જે ઉપયોગ થઈ રહ્યો છે એના કરતાં વધુ એનો દૂરઉપયોગ થઈ રહ્યો છે એમ કહેવું અતિશયોક્તિ ભર્યું નહીં જ હોય કારણ મોબાઈલ હવે કેમેરામાં ઉત્તમ ફોટા કે વિડિયો લઈ શકે છે. એમ જ તેનો ઉપયોગ બ્લેકમેઈલિંગ માટે પણ થઈ શકે છે. મોબાઈલ પોતે તો કોઈ ગુનો કરતો નથી. પણ તેનો ઉપયોગ ગુનાહિત પ્રવૃત્તિઓમા વધ્યો છે. લગ્ન પૂર્વે પ્રેમીઓ મોબાઈલથી અંગત પળોનો વિડિયો ઉતારવાનું સાહસ કરતાં હોય છે. અંગત પળોનો આનંદ લેવાની સાથે વિડિયો ઉતારવામાં કયો આનંદ આવે છે તે તો એ પ્રેમીઓ જાણે. પણ એમ કરીને તેઓ મોટુ અને ખોટું જોખમ ઉઠાવે છે. એક તબક્કે માની લઈએ કે પ્રેમીઓ વિડિયો ઉતારવામાં આનંદ આવતો હશે,પણ પેલી પ્રેમિકા કઈ રીતે એને માટે રાજી થઈ જાય છે એ નથી સમજાઈ પડતી.

પોતાના શરીરને ખુલ્લુ કરવાનો જ સંકોચ થતો હોય,ત્યાં પ્રેમિકા વિડિયો ઉતારવા શરીર ખુલ્લુ સોંપી દે એમાં પ્રેમનું કેટલું ને કેવું મૂલ્ય વધે છે એ સમજ શક્તિની બહારનું છે. આ બાબતે કોઈને એવો વિચાર નહીં આવતો હોય કે આ વિડીયોનો દુરુપયોગ પણ થઈ શકે છે?

અને એવા કેટલાય ઢગલાબંધ બનાવો અખબારોમાં ચમકી ચૂકયા હોય? ત્યારે જ હોંશે હોંશે એને આનંદથી વિડીયો ઉતારવામાં પ્રેમીએ પાછું વાળીને જોયું ના હોય એ વિડીયો ડિલીટ કરવા પ્રેમીને પછી આજીજી અને કાલાવાલા કરવા પડતાં હોય એવા વિડીયોને પ્રેમિકા ઉતારવા જ કેમ દેતી હોય છે? જે પ્રેમી વિડીયો ઉતારી વિકૃત આનંદ લઈ ને કયા સાચા પ્રેમનો અહેસાસ કરાવે છે કે પછી પોર્ન ફિલ્મ ઉતારે છે ને કયા હેતુથી ઉતારે છે તે કોઈથી જરાય અજાણ્યું હોતું નથી. અને આ નાદાનિયત તો નથી જ કદાચ એ સમયે પ્રેમિકા એનો વિરોધ કરતી પણ હશે.પણ એની કોઈ વાત પ્રેમી માનતો પણ નહીં હોય એની તો પ્રેમીએ માનવું પણ પડે. એ પ્રેમી છે. બળાત્કારી નથી ને એવું માનતી પ્રેમિકા પ્રેમીના મન ને થોડી જાણી શકે છે? અને જો પ્રેમીનો ઈરાદો ખરાબ જ હોય તો આખરે પ્રેમિકાએ એની પસંદગી માટે પસ્તાવા સિવાય કોઈ રસ્તો જ નથી હોતો.

જ્યારે અંગત પળોનો વિડિયો જો પ્રેમી ધ્વારા ઉતારવામાં આવે ત્યારે જ પ્રેમિકાએ મક્કમપણે આનો વિરોધ કરવો જોઈએ. કારણ બીજું કોઈ ત્યા હોતું નથી. આ દૂષણ જો અટકે તો ઘણી પ્રેમિકાઓ બ્લેકમેઈલ થતી બચી તો જશે પરંતુ અકાળે ભર જવાની માં આત્મહત્યા કરવાથી પણ બચી જશે. હવે એવું લાગે છે કે કોઈપણ અંગતપળોનો વિડિયો ઉતારવા પર તાત્કાલિક અસર થી પ્રતિબંધ મૂકવાની જરૂર હોય એવું નથી લાગતું?

### વિધાનસભાના મહત્વના દિવસે જનતા પ્રશ્નોને બદલે રાજકીય કાર્યક્રમો પર ફોકસઃ ચૈતર વસાવા

# બોર્ડની પરીક્ષા વચ્ચે ડેડિયાપાડામાં રાજકીય વરઘોડો કાઢનાર નાયબ મુખ્યમંત્રીને વિદ્યાર્થીઓની ચિંતા નથીઃ ચૈતર વસાવા

### નર્મદામાં ૧૧,૦૫૫ બાળકો કુપોષિત, ૫,૬૩૦ ખેડૂતોના જંગલ હકો પેન્ડિંગ, મનરેગામાં માત્ર ૧૮ દિવસ રોજગારીઃ ચૈતર વસાવા

અમદાવાદ/નર્મદા/ગુજરાત આમ આદમી પાર્ટીના ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે આજે ગુજરાત વિધાનસભામાં નાણાકીય વર્ષ ૨૦૨૬–૨૭નું અંદાજપત્ર રજૂ થયા બાદ તેના પર ચર્ચાનો બીજો દિવસ છે. ગુજરાતની જનતાના પ્રશ્નોની ચર્ચા કરવાનો આ મહત્વનો દિવસ છે. બીજી તરફ આજથી બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ત્યારે રાજ્યના નાયબ મુખ્યમંત્રી, આદિજાતિ મંત્રી, રાજ્ય કક્ષાના મંત્રી તેમજ ભારતીય જનતા પાર્ટીના સાંસદો અને ધારાસભ્યો દ્વારા ડેડિયાપાડામાં પરીક્ષા કેન્દ્રોની નજીક મોટા વરઘોડો કાઢ્યો. જો આ મંત્રીઓને વિદ્યાર્થીઓની ચિંતા હોત તો વરઘોડો ન કાઢત. છેલ્લા ત્રીસ વર્ષથી રાજ્યમાં તેમની સરકાર છે. જો યોગ્ય કામગીરી કરવામાં આવી હોત તો આજે વરઘોડો કાઢવાની જરૂર ન પડતી.

નવેમ્બરમાં નરેન્દ્ર મોદી ડેડિયાપાડા આવ્યા બાદ તરત જ કાર્યક્રમો યોજવાની જરૂર શા માટે પડી, તે પ્રશ્ન તેમણે ઉઠાવ્યો. ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું કે ગૃહનો મહત્વનો દિવસ હોવા છતાં આદિજાતિ વિસ્તારના મંત્રીઓ અને ધારાસભ્યો ત્યાં ચૈતર વસાવા વિશે ટીકા-ટિપ્પણીઓ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે મનસુખ વસાવાના વખાણ કરવામાં આવે છે, પરંતુ પોતાના ગામ સુધીનો રસ્તો પણ બનાવવામાં નિષ્ફળ રહ્યા છે, જેના મુદ્દે મારે યાત્રા કાઢવી પડી અને ગૃહમાં પ્રશ્ન ઉઠાવવો પડ્યો.

ધારાસભ્ય ચૈતર વસાવાએ વધુમાં જણાવ્યું કે જ્યારે ગણપત વસાવા આદિજાતિ મંત્રી હતા ત્યારે ખોટા આદિવાસી પ્રમાણપત્રોના કારણે બિનઆદિવાસી લોકોને નોકરી, શિક્ષણ અને રાજકીય રિઝર્વ બેઠકોમાં લાભ મળ્યો છે, જેના કારણે વાસ્તવિક આદિવાસીઓને ભારે નુકસાન થયું છે. તેમણે ગૃહમાં મળેલા જવાબનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે નર્મદા જિલ્લામાં ૧૧,૦૫૫ બાળકો કુપોષણથી પીડાય છે. નર્મદા એ ઉકાઈ ડેમ હોવા છતાં ડેડિયાપાડા વિસ્તારને પૂરતું પાણી મળતું નથી. ૫,૬૩૦ ખેડૂતોના જંગલ જમીનના હકો પેન્ડિંગ છે. મનરેગા હેઠળ છેલ્લા બે વર્ષમાં સરેરાશ માત્ર ૧૮ દિવસની રોજગારી મળી છે. આ તમામ બાબતની વાત કેમ કરતા નથી? તેમણે જણાવ્યું કે નર્મદા જિલ્લામાં આશરે ૧૪૦થી વધુ શિક્ષકોની ઘટ છે અને ૧૪૫ શાળાઓ એક શિક્ષકથી ચાલી રહી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર, કરજણ અને ઉકાઈ ડેમના પ્રભાવિત લોકોને જમીનનું યોગ્ય વળતર આજદિન સુધી મળ્યુ નથી. આ બાબતની વાત કેમ નથી કરતા? ચૈતર વસાવાની ટીકા કરવાની જગ્યાએ લોકોની સમસ્યાઓના નિવારણ પર ધ્યાન આપવું જોઈએ.

# પ્રાથમિક શિક્ષણ નિયામકની સુચના : પ્રાથમિક શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરી નહી કરાવી શકાય

પ્રતિનિધિ,ગાંધીનગર રાજય સરકારના શિક્ષણ વિભાગના એક નિર્ણયથી શિક્ષકોને કામગીરીમાં રાહત મળી છે. શિક્ષણ વિભાગે પ્રાથમિક શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરીમાંથી મુકિત આપી છે. રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકે પરીપત્ર બહાર પાડયો છે જેમાં શિક્ષણ સિવાયની અન્ય કામગીરીમાં શિક્ષકોને નહી જોડવા સુચના આપવામાં આવી છે. ગુજરાત રાજયના પ્રાથમિક શિક્ષણ નિયામકે એક પરીપત્ર કરીને સુચના આપી છે કે હવેથી પ્રાથમિક વિભાગના શિક્ષકોને બિન શૈક્ષણિક કામગીરી નહી કરાવી શકાય, તેમણે શિક્ષકોને શિક્ષણ સિવાયની કામગીરીમાં નહી જોડવા સુચના આપી છે. રાષ્ટ્રીય હીત સિવાયની કામગીરી હવેથી પ્રાથમિક શિક્ષકો પાસે નહી કરાવી શકાય, બાળકોના શિક્ષણ પર વિપરીત અસર ના પડે તે માટે નિર્ણય લેવામાં આવ્યો છે. જિલ્લા શિક્ષણ અધિકારી અને શાસના અધિકારી ને લેખિતમાં સુચના આપવામાં આવી છે. અગાઉ શિક્ષકોને બિન શૈક્ષણિક ફરજમાં ન જોડવા રજુઆત કરી હતી. સંમતિ વિના જ શિક્ષકોને કામગીરી સોંપાતી હતી.

### સસ્તા અનાજની દુકાનોમાં કરોડોના કમિશન આપવા કરતાં સરકાર રોકડ રકમ ગરીબોને આપેઃ ગોપાલ ઇટાલીયા

# ઘાટ કરતા ઘડામણ મોંઘુ - સસ્તા અનાજ કરતા અનાજની દુકાનો પર વધારે ખર્ચઃ ગોપાલ ઈટાલીયા

### શહેરોમાં વધારાની FSIના કારણે ટ્રાફિક, ગટર અને પૂર જેવી સમસ્યાઓ ઊભી થઈઃ ગોપાલ ઇટાલીયા

અમદાવાદ/સુરત/જુનાગઢ/ આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ આજે ગુજરાત વિધાનસભામાં તેમજ બાદમાં મીડિયા સમક્ષ સસ્તા અનાજના વિતરણ અને મહાનગરપાલિકાઓમાં પેઈડ એફએસઆઈ સંબંધિત ગંભીર મુદ્દાઓ ઉઠાવ્યા હતા અને વિધાનસભામાં પ્રશ્નોત્તરી દરમિયાન ગોપાલ ઇટાલિયાએ જૂનાગઢ અને રાજકોટ જિલ્લાઓમાં સસ્તા અનાજના વિતરણ બદલ દુકાનદારોને ચૂકવાતી કમિશન રકમ અંગે સરકાર પાસેથી મળેલા આંકડા રજૂ કર્યા. તેમણે જણાવ્યું કે દર મહિને આશરે ૯૩,૮૩૩ લાભાર્થીઓને અનાજ વિતરણ કરવા બદલ ૧,૦૩,૮૨,૦૦૦ પેમેન્ટ તરીકે ચૂકવવામાં આવે છે. વર્ષ ૨૦૨૪ દરમિયાન જૂનાગઢ જિલ્લામાં અંદાજે ૧૧ કરોડથી વધુ અને રાજકોટ જિલ્લામાં ૧૫ કરોડથી વધુ રકમ દુકાનદારોને ચૂકવાઈ હતી, ગરીબોને નહિ. વર્ષ ૨૦૨૫માં પણ રાજકોટ જિલ્લામાં ૧૫ કરોડથી વધુ રકમ ચૂકવવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું. માત્ર રાજકોટ અને જુનાગઢ બે જિલ્લાઓમાં છેલ્લા બે વર્ષમાં મળીને ૫૨ કરોડથી વધુ રકમ કમિશન પાછળ ખર્ચાઈ હોવાનું તેમણે જણાવ્યું. ગોપાલ ઇટાલિયાએ આક્ષેપ કર્યો કે ગરીબોને મીઠું, ઘઉં, ચોખા અથવા તેલ આપવાની મૂળ કિંમત કરતાં ગોડાઉન, ટ્રાન્સપોર્ટેશન, લાઈટ બિલ, ડિસ્ટ્રિબ્યુશન ચેનલ, કમ્પ્યુટર-ઇન્ટરનેટ અને દુકાનદારોના કમિશન જેવા ખર્ચ પર વધારે રકમ વપરાઈ રહી છે. તેમણે કહ્યું કે સરકાર જો ૧૦૦ રૂપિયા ફાળવે છે તો તેમાંના ૭૦ રૂપિયા વહીવટી ખર્ચમાં જાય છે અને ગરીબોને બાકીના ૩૦ રૂપિયામાં અનાજ મળે છે. તેમણે સરકારને મારી વિનંતી છે લે અનાજ વિતરણના બદલે સીધી રોકડ સહાય ગરીબોના ખાતામાં જમા કરાવો.

બીજા મહત્વના મુદ્દા તરીકે ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ મહાનગરપાલિકાઓની આવકના સ્રોત અંગે પ્રશ્ન ઉઠાવ્યો. તેમના મુજબ મહાનગરપાલિકાઓ કર વસૂલી, ૪૦ ટકા જમીનની કપાત કરવામાં આવે છે અને એ જમીનના પ્લોટ ભાજપના નેતાઓને પાણીના ભાવે વેચીને એમાંથી આવક કરવામાં આવે છે અને બીજી મોટી આવક છે કે પેઈડ/ચાર્જેબલ એફએસઆઈ દ્વારા મોટી આવક કરે છે. જોકે મારો સવાલ હોય તો કે રાજકોટ અને સુરતમાં છેલ્લા બે વર્ષમાં સરકારે કેટલી પેઈડ ફ્રીજી ને મંજૂરી આપી. અને સરકારે જવાબ આપ્યો "શૂન્ય". મેં એ પણ પૂછ્યું કે પેડ એફએસઆઈના નામે કરોડો રૂપિયાની કાળી કમાણી કરવામાં આવે છે. અને મળતિયા બિલ્ડરોને એફએસઆઈ વધારી આપવામાં આવે છે, જેના કારણે વધારાનું બાંધકામ કરે છે અને વધારાના બાંધકામના કારણે શહેરોમાં ટ્રાફિકજામ થાય છે, શહેરોની ગટર ઉભરાય છે અને શહેરોમાં ચોમાસામાં પાણી ભરાઈ જાય છે. સરકારથી ૪૦ ટકા જમીનની કપાત કરે છે અને ખોટી રીતે એફએસઆઈ આપે છે આ બંનેના કારણે શહેરોમાં સમસ્યા પેદા થાય છે. વડોદરા, સુરત, જૂનાગઢ ગાંધીનગર જેવા તમામ શહેરોમાં પૂર આવે છે. સતત ગટરો ઉભરાય છે, મકાનો મોંઘા મળે છે ટ્રાફિક જામ થાય છે અને આ તમામ સમસ્યાઓનું મૂળ કારણ ટાઉન પ્લાનિંગ એક્ટનું ખોટું અર્થઘટન ૪૦ ટકા જમીન ભાજપની સરકાર કાપે છે ત્યારબાદ પૈસા લઈને એફએસઆઈ વધારી આપે છે એ કારણ છે. સમયની મર્યાદાને કારણે વિધાનસભામાં સંપૂર્ણ ચર્ચા શક્ય ન બની હોવા છતાં ગોપાલ ઇટાલિયાએ મીડિયા મારફતે ગુજરાતની જનતાને આ મુદ્દાઓ અંગે જાગૃત થવાની અપીલ કરી.

ત્યારબાદ વધુ એક મુદ્દા પર વાત કરતા ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ જણાવ્યું હતું કે ચાર મહિને ગુજરાતના સામાન્ય વહીવટી વિભાગના અધિકારીએ પરિપત્ર બહાર પાડે છે કે ધારાસભ્યોના પ્રોટોકોલનું પાલન કરવું. થોડા મહિના પહેલા મુખ્યમંત્રીએ પરિપત્ર બહાર પાડ્યો હતો કે દરેક અધિકારીઓએ ધારાસભ્યોને ફોન ઉઠાવવા. મને લાગે છે કે સરકારે હવે એવો પરિપત્ર બહાર પાડવો જોઈએ કે અમારી સરકાર રાજીનામું આપે છે કારણ કે અધિકારીઓ સામે અમારું કોઈ ઉપજતું નથી. ૩૦ વર્ષથી ભાજપની સરકાર છે અને સરકાર પોતાના અધિકારીઓને કાગળિયા લખવા પડે છે, સરકારે "પ્લીઝ પ્લીઝ કરવું પડે છે". અમે તો વિપક્ષમાં છીએ તો સમજી શકે છે પરંતુ ભાજપના ધારાસભ્યોએ પણ કલેક્ટરના પગ પકડવા પડે? તો પછી આ સરકારમાં કઈ રીતે દમ કહેવાય?

# રાજયની શાળાઓને સ્વચ્છતા માટે માત્ર ગણતરી ની જ ગ્રાન્ટ આપવામાં આવે છે



પ્રતિનિધિ,ગાંધીનગર સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન ચાલી રહ્યુ છે. કલીન ઈન્ડીયા અભિયાન હેઠળ સરકાર દ્વારા દેશને સ્વચ્છ રાખવા માટે અનેક પહેલ કરવામાં આવી છે. આ માટે શહેરોને સ્વચ્છતાનો એવોર્ડ પણ આપવામાં આવે છે. ત્યારે ગુજરાતમાં પણ સ્વચ્છતા અંગે સરકાર દ્વારા અનેક પ્રયાસો હાથ ધરાયા હોવાના દાવા કરવામાં આવે છે. રાજયમાં સ્વચ્છતા અભિયાનની વાતો વચ્ચે શાળાઓમાં ફાળવવામાં આવતી સ્વચ્છતાની ગ્રાન્ટ અંગે કંઈક જુદી હરકત બહાર આવી છે. ગુજરાતની સ્કુલોમાં ફાળવવામાં આવતી સ્વચ્છતાની ગ્રાન્ટ અંગે વિધાનસભામાં સરકારે ધારાસભ્યો ના સવાલનો જવાબ આપ્યો હતો. ગુજરાતની શાળાઓમાં સ્વચ્છતા માટે ગ્રાન્ટની રકમ સાવ સામાન્ય આપવામાં આવતી હોવાની વિગતો બહાર આવી છે, રાજયમાં ૧૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી શાળા માટે માત્ર રૂપીયા ૧ હજાર , ૩૦૦ વિદ્યાર્થીઓ ધરાવતી શાળાઓ માટે ૧૮૦૦ અને ૫૦૦ વિદ્યાર્થી ધરાવતી શાળાઓ માટે રૂપીયા ૪ હજાર અને ૫૦૦ થી વધુ વિદ્યાર્થી ધરાવતી શાળાઓને શાળામાં ૫ હજારની ગ્રાન્ટ સરકાર તરફથી ફાળવવામાં આવે છે. શિક્ષણ વિભાગ શાળા દીઠ પ્રતિ મહિને ગ્રાન્ટ ફાળવે છે.

# નકલી ની બોલબાલા વચ્ચે વધુ એક ગુજરાતમાં નકલી બીએડ કોલેજ ઝડપાઈ:

### ઉના તાલુકાના ભાચા ગામે બે વરસથી મંજુરી વગર ધમધમી રહેલી કોલેજ

પ્રતિનિધિ,ગાંધીનગર ગુજરાતમાં થી નકલી પોલીસ, મંત્રીના નકલી પીએ, નકલી ઓફિસર, નકલી જજ અને નકલી સરકારી કચેરીઓ ઝડપાયા બાદ હવે ઉના તાલુકાના ભાચા ગામે છેલ્લા બે વરસથી મંજુરી વગર ધમધમતી નકલી બીએડ કોલેજ ઝડપાતા ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. આ નકલી કોલેજ ઝડપાતા તેમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓના ભાવી સામે પણ સવાલો ઉભા થતા વાલીઓમાં ચિંતાની લાગણી જન્મી છે. મળતી માહિતી મુજબ ઉના પંથકના ભાચા ગામમાં વનીતાબેન બચુભાઈ નાંડોળા બીએડ કોલેજ એનસીટીઈ ની બોગસ મંજુરીના આધારે બે વરસથી ધમધમતી હોવાનો ઘટસ્ફોટ થયો છે. એનસીટીઈ એ કોઈપણ પ્રકારની મંજુરી આપી ન હતી, જવાબદારોએ એનસીટીઈ ના નામે બોગસ મંજુરી પત્ર તૈયાર કરી ગાંધીનગર ઉચ્ચ શિક્ષણ વિભાગ ને જુનાગઢ નરસિંહમહેતા યુનિવર્સિટીમાં મોકલ્યો હતો, તેના આધારે યુનિવર્સિટીએ બીએડ કોલેજને વિદ્યાર્થી ફાળવી દીધા હતા એવા અણસાર મળતા હવે જવાબદારો વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરવાની માંગ ઉઠી છે. છેલ્લા ઘણા સમયથી સોરઠ પંથકની બીએડ કોલેજ બોગસ હોવાની રાવ સાથે મોટો વિવાદ સર્જાયો હતો.




નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં ઉપકુલપતિ બદલી જતા શંકાસ્પદ બીએડ કોલેજ સામે ગાળીઓ કસાયો હતો. અનેક કોલેજની મંજુરી પણ રદ થઈ હતી. ઉનાના ભાચામાં વી બી નાંડોળા બીએડ કોલેજ બોગસ હોવાના ગંભીર આરોપ વચ્ચે એનસીટીઈએ મંજુરી આપી હોવાના આરટીઆઈ માં જવાબ આપવામાં આવ્યા હતા. આરટીઆઈના જવાબના આધારે મંજુરીના પત્ર સાચા છે કે ખોટા તેની એનસીટીઈમાં ખરાઈ કરવામાં આવી હતી, અરજદારે માંગેલી માહિતીના આધારે એનસીટીઈએ સ્પષ્ટતા કરી હતી કે તારીખ ૫/૬/૨૦૧૩, તારીખ ૨૫/૭/૨૦૨૫ નો કોઈ પત્ર અમે લખ્યો નથી કે અમે આવી કોઈ મંજુરી આપેલ નથી, વર્ષ ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ માં વિદ્યાર્થીઓએ વી બી નાંડોળા કોલેજમાં અભ્યાસ કર્યો છે, આ કોલેજની માન્યતા હતી જ નહી છતાં પણ ગત વરસે નરસિંહ મહેતા યુનિવર્સિટી દ્વારા આ કોલેજની પરીક્ષા લેવામાં આવી અને તેના આધારે બીએડ કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓને ડીગ્રી એનાયત કરી દેવામાં આવી હતી. આ મામલે અરજદાર દ્વારા જવાબદારો વિરુધ્ધ બોગસ ડોક્યુમેન્ટ ઉભા કરી તેનો ખરા તરીકે ઉપયોગ કર્યો અને કોણે કોણે આ કાવતરુ રચ્યુ? કોની શું ભુમિકા છે? તેની તપાસ કરી વી સી દ્વારા પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે યુનિવર્સિટીના ઉપકુલપતિ આ અંગે શું કાર્યવાહી કરે છે તે મહત્વનું છે.

# મંત્રી મનીષા વકીલના અસ્પષ્ટ જવાબોથી કોંગ્રેસના ધારાસભ્યો વેલ માં ધસી આવ્યા : પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા એ વકીલને માર્યો ટોણોઃ ગુજરાતીમાં જવાબ આપો

પ્રતિનિધિ,ગાંધીનગર ગાંધીનગરમાં યોજાયેલી વિધાનસભાની બેઠક દરમિયાન આર્થિક પછાત નિગમમાં ગ્રાન્ટ ફાળવણી અંગે કોંગ્રેસના ધારાસભ્યોએ ભારે હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસે મંત્રી મનીષા વકીલ પાસેથી ગ્રાન્ટ ફાળવણીના નિયમો વિશે ચાર વખત સવાલ પુછ્યા છતાં સ્પષ્ટ જવાબ ન મળતા ધારાસભ્યોમાં અસંતોષ ફેલાયો હતો અને વોકઆઉટ કર્યુ હતુ. ધારાસભ્યોએ વેલ માં ધુસીને મંત્રી પાસેથી જવાબ માંગ્યા હતા. પરંતુ મંત્રીના અલગ અલગ જવાબ અને નિયમ અંગે સ્પષ્ટતા ન હોવાને કારણે કોંગ્રેસના ધારાસભ્યોએ વિરોધ કર્યો હતો, કોંગ્રેસના ધારાસભ્યોએ ગૃહમાં વિરોધ દર્શાવી અને આર્થિક પછાત નિગમોમાં ગ્રાન્ટ ફાળવણી ધોરણોમાં અસમંજસ હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

તો બીજી તરફ પૂર્વ અધ્યક્ષ રમણલાલ વોરા એ મંત્રી મનીષા વકીલને ગંભીર ટોણો માર્યો હતો અને કહ્યુ હતુ કે ગુજરાતી ભાષામાં જવાબ આપતા શીખો, અંગ્રેજી આંકડાઓમાં કોઈને સમજાતુ નથી, મનીષા વકીલે અંગ્રેજીમાં આંકડાકીય માહિતી આપી હતી. અંગ્રેજી સાંભળીને વિરોધ થાય તે અયોગ્ય તેવુ રમણલાલ વોરાએ જણાવ્યુ હતું.

